RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૩ ● અંક: ૩૫૭ ● તારીખ: ૦૩-૦૪-૨૦૨૫,ગુરુવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

## ગુજરાતમાં માવઠા બાદ હવે અંગ દઝાડશે ગરમી, ૬ દિવસ હીટવેવને લઈને યલો-ઓરેન્જ એલર્ટની આગાહી



ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી હવામાનનું બેવડું સ્વરૂપ જોવા મળી રહ્યું છે, ત્યારે આગામી ૬ દિવસ રાજ્યમાં ગરમીનો પારો હાઈ રહેશે. હવામાન વિભાગે આગામી ૮ એપ્રિલ ૨૦૨૫ સુધી હીટવેવની સ્થિતિને લઈને ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યું છે. જેમાં ખાસ કરીને હવામાન વિભાગે કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની વિસ્તારોમાં ઉષ્ણ લહેરની ચેતવણી આપી છે. આ સાથે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.

રાજ્યમાં આજે બુધવારે (૨ એપ્રિલ, ૨૦૨૫) હવામાન વિભાગે મધ્ય અને દક્ષિણ ગુજરાતના ૧૦ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. તેવામાં હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમીને લઈને હીટવેવનું યલો અને ઓરેન્જની આગાહી કરવામાં આવી છે. જેમાં આવતીકાલે ૩ એપ્રિલથી ૫ એપ્રિલ સુધી કચ્છ, રાજકોટ, જૂનાગઢ જિલ્લામાં હીટવેવનું યલો એલર્ટ અને પોરબંદર જિલ્લામાં ઓરેન્જ એલર્ટની હવામાન વિભાગે આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં ગરમીનો પારો હાઈ જઈ રહ્યો છે, ત્યારે આગામી ૬-૭-૮ એપ્રિલ દરમિયાન સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લામાં હીટવેવને લઈને યલો એલર્ટ અને ત્રણ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જેમાં ઉત્તર ગુજરાતના પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા સહિત સૌરાષ્ટ્રના મોરબી અને જૂનાગઢ જિલ્લામાં યલો એલર્ટ અને કચ્છ, રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## શિક્ષણ બાદ હેલ્થ વિભાગ પર ટ્રમ્પની ગાજ, ૧૦,૦૦૦ કર્મચારીઓની એક ઝાટકે છટણીની તૈયારી

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસિસ એ મોટા પાયે કર્મચારીઓની છટણી કરવાનું શરૂ કર્યું છે. કર્મચારીઓને મંગળવારે બરતરફીની નોટિસ મળવા લાગી. એવી અટકળો છે કે ટ્રમ્પ સરકાર ૧૦,૦૦૦ લોકોને નોકરીમાંથી કાઢી શકે છે.ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસીસ ની છટણીની યોજનાઓમાં હાઈ-પ્રોફાઈલ ફેડરલ એજન્સીઓ જેમ કે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થનો સમાવેશ થાય છે.

આરોગ્ય સચિવ રોબર્ટ એફ. કેનેડી જુનિયરે ગયા અઠવાડિયે હેલ્થ ડિપાર્ટમેન્ટમાં છટણીની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે ૧૦,૦૦૦ કર્મચારીઓની છટણી કરવામાં આવશે અને VRS દ્વારા આરોગ્ય વિભાગમાં કર્મચારીઓની સંખ્યા ૮૨,૦૦૦ થી ઘટાડીને ૬૨,૦૦૦ કરવામાં આવશે.ઘણા નિષ્ણાતો અને નેતાઓએ આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે. સેનેટર પૅટી મરેએ જણાવ્યું હતું કે, મોટા પાયે છટણી કુદરતી આફતો દરમિયાન ચેપી રોગ નિવારણ અને આરોગ્ય સેવાઓ પર નકારાત્મક અસર કરશે.




## લક્ઝુરિયસ ક્રૂઝ શિપ પર નોરોવાઈરસનો પ્રકોપ ફેલાયો, ચાલક દળના સભ્યો સહિત ૨૪૧ પ્રવાસી બીમાર

અમેરિકાના રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્ર (CDC)ના જણાવ્યા અનુસાર, ઈંગ્લેન્ડના પૂર્વ કેરેબિયન જઈ રહેલા લક્ઝુરિયસ ક્રૂઝ શિપ પર નોરોવાઈરસ ફેલાતા શિપમાં સવાર ૨૦૦થી વધુ મુસાફરો અને ચાલક દળના સભ્યો બીમાર પડયા છે.



રિપોર્ટ મુજબ, ઈંગ્લેન્ડના પૂર્વ કેરેબિયન જઈ રહેલા ક્યૂનાઈડ લાઈન્સનું ક્વીન મૈરી-૨ નામની લક્ઝુરિયસ ક્રૂઝ શિપમાં કુલ ૨૫૩૮ પ્રવાસીઓ અને ૧૨૩૨ ચાલક દળના સભ્યો સવાર છે, જેમાંથી ૨૨૪ પ્રવાસીઓ અને ચાલક દળના ૧૭ સભ્યો વાયરસનો શિકાર થયા છે. નોરોવાઈરસના મુખ્ય લક્ષણોમાં ઝાડા અને ઉલ્ટી થઈ હોય છે. ક્રૂઝ મૈપર નામની એક ટ્રેકિંગ વેબસાઈટના જણાવ્યા મુજબ, લક્ઝુરિયસ ક્રૂઝ શિપ ૧૮ માર્ચે ન્યૂયોર્ક પહોંચ્યા બાદ વાયરસ ફેલાયો હોવાની માહિતી મળી હતી.

મીડિયા રિપોર્ટ મુજબ, 'ક્યૂનાઈડ લાઈન્સે મંગળવારે સત્તાવાર નિવેદન આપીને કહ્યું હતું કે, 'વાયરલ ફેલાયો હોવાની માહિતી મળ્યા બાદ ક્રૂઝ શિપની સફાઈ કરવામાં આવી છે અને ચેપગ્રસ્ત પ્રવાસીઓ પર કડક દેખરેખ રાખવામાં આવી રહી છે. અમારા ચાલક દળના સભ્યોએ તુરંત આપેલી સારવારના કારણે વાયરસના કેસમાં ઘટાડો થયો છે.' સીડીસીએ પણ કહ્યું કે, ક્રૂઝની સફાઈ અને જીવાણુ નાશ કરવાની પ્રક્રિયા વધારી દેવાઈ છે. બિમાર પ્રવાસીઓ અને ચાલક દળના સભ્યોને અલગ કરવામાં આવ્યા છે. જે પ્રવાસીઓ વાયરસને શિકાર થયા છે.

## ડીસા બ્લાસ્ટ કેસ: આરોપીઓ સામે સાપરાધ મનુષ્યવધની કલમ લગાવાઈ, ૩ રાજ્યોમાં તપાસ તેજ



બનાસકાંઠાના ડીસામાં ઢુંવા રોડ પર ધમધમતી દિપક ટ્રેડર્સ નામની ફટાકડાની ગેરકાયદે ફેક્ટરી અને ગોડાઉનમાં પહેલી એપ્રિલે જોરદાર વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં આગ ફાટી નીકળતા ૨૧ શ્રમિકના મોત થયા હતા. એટલું જ નહીં, આ ઘટનામાં કેટલાક શ્રમિકો દાઝી પણ ગયા છે, જેમની સારવાર હાલ ચાલુ છે. આ ઘટના પછી ફેક્ટરી માલિક ખૂબચંદ રેણુમલ મોહનાની અને તેમના પુત્ર દીપક ખૂબચંદ મોહનાનીની ધરપકડ કરાઈ છે. પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને જણાવ્યું છે કે, 'આ કેસમાં આરોપી પિતા-પુત્ર સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધવામાં આવ્યો છે.'

ડીસા અગ્નિકાંડ મામલે પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે, 'ગણતરીના કલાકોમાં મુખ્ય બે આરોપીને ઈડરથી ઝડપી લીધા છે. હાલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમે પ્રાથમિક તપાસ કરી રિપોર્ટ તૈયાર કર્યો છે. જેમાં ગોડાઉનમાંથી ફટાકડાનો જથ્થો મળ્યો છે, પોલીસને જ્યાં જ્યાંથી માલ મળ્યો ત્યાં તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત તમિલનાડુ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં પણ ફટાકડાનો વેપાર કરતા હતા તેને લઈ તપાસ ચાલુ છે. એલ્યુમિનિયમ પાઉડરને કારણે વિસ્ફોટ થયો છે. એલ્યુમિનિયમનું આસાનીથી વેચાણ થઈ શકે છે અને એલ્યુમિનિયમમાં બ્લાસ્ટ થાય તો તે ખૂબ સળગે છે જેના કારણે આટલી મોટી ઘટના બની છે.'

વધુમાં પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે, 'આરોપીઓના સાબરકાંઠામાં પણ ગોડાઉન છે અને આરોપીઓના કોની સાથે કનેક્શન હતા તેની તપાસ ચાલી રહી છે, આરોપીના રિમાન્ડ બાદ વધુ માહિતી સામે આવી શકે છે. આ ઉપરાંત દીપક ખૂબચંદ ક્રિકેટ સટ્ટાના ગુનામાં સંડોવાયેલો હતો આ કેસમાં કેમિકલ સાથે સંકળાયેલા નિષ્ણાતોની મદદ લેવાશે. હાલમાં આરોપીઓ ફટાકડા પ્રોડક્શનનું સ્વીકારી રહ્યા નથી.

## જિબ્લી પાછળ ઘેલા થયેલાં યુઝર્સ માટે સેમ ઓલ્ટમેનને કહ્યું, કોઈ પણ વ્યક્તિ ઈમેજના વર્ઝન ૨ માટે તૈયાર નથી

સેમ ઓલ્ટમેન દ્વારા જણાવવામાં આવ્યું છે કે યુઝર્સ હજી સુધી ઈમેજ જનરેશનના વર્ઝન ૨ માટે તૈયાર નથી. ચેટજીપીટી દ્વારા ઈમેજ જનરેશન ફીચર લોન્ચ કરતાં, દુનિયાભરના લોકોએ આના પર તૂટી પડયા હતા. આ ફીચર વિશ્વભરમાં ટ્રેન્ડમાં આવી ગયું છે. સામાન્ય વ્યક્તિથી લઈને રાજકારણીઓ અને અભિનેતાઓ પણ પોતાની ઈમેજ બનાવી રહ્યાં છે. જો કે, હવે સેમ ઓલ્ટમેનનું કહેવું છે કે તેઓ નવા ફીચર રજૂ કરવા માટે થોડો સમય લેશે.

સેમ ઓલ્ટમેનના જણાવ્યા મુજબ, જિબ્લી સ્ટુડિયો અસર ટ્રેન્ડમાં આવી ચૂકી છે. લોકોએ આ વિશે અનન્ય ઉત્સાહ દાખવતા, તેમની પ્રોસેસિંગ ક્ષમતા પર ભાર વધી ગયો છે. GPU એટલા ગરમ થઈ રહ્યાં છે કે તે નષ્ટ થઈ રહ્યા છે.

## હું પણ રામજીનો વંશજ છું, મને પણ ટ્રસ્ટમાં સામેલ કરો સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલથી કોંગ્રેસ નેતા ભડક્યાં



૨૦૨૫: કોંગ્રેસ નેતા અને સહારનપુરના સાંસદ ઈમરાન મસૂદ વક્ફ સંશોધન બિલમાં પ્રસ્તાવિત સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં નોન-મુસ્લિમ સભ્યોની નિમણૂકની જોગવાઈ મુદ્દે ભડકી ઉઠયા છે. તેમણે રોષમાં આવી કહ્યું કે, હું રામજીનો વંશજ છું. મને પણ રામ મંદિર ટ્રસ્ટમાં સામેલ કરો. લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ લોકસભામાં આજે વક્ફ સંશોધન બિલ રજૂ કરતાં નિવેદન આપ્યું હતું કે, વક્ફ બોર્ડ ધર્મ વ્યવસ્થા સાથે સંકળાયેલું નથી. જેમાં ૮ લાખથી વધુ પ્રોપર્ટી સામેલ છે. જેનું મેનેજમેન્ટ કરવાનું છે. જેથી ધર્મના આધારે તેનું સંચાલન કરી શકાય નહી. કોઈપણ વ્યક્તિ તેનું મેનેજમેન્ટ કરી શકે છે. કિરેન રિજિજુના આ નિવેદનથી કોંગ્રેસના નેતા ઈમરાન મસૂદ રોષે ભરાયા હતા.કિરેન રિજિજુએ જણાવ્યા પ્રમાણે, સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં ૨૨ સભ્યો હશે, જેમાં ૧૦ મુસ્લિમ અને મહત્તમ ચાર નોન-મુસ્લિમ સભ્ય રહેશે. જેમાં બે મહિલાઓ પણ સામેલ થશે. વક્ફ કાઉન્સિલમાં સાંસદ, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના નિવૃત્ત જજ, પૂર્વ નોકરશાહ અને વકીલ પણ સામેલ થશે. સાંસદ કોઈપણ ધર્મના હોઈ શકે છે. ઈમરાન મસૂદે એનડીએ સરકારને પૂછ્યું કે, અમારી સાથે તમારે શું દુશ્મની છે. તમે કેમ અમને બરબાદ કરવા માગો છો. વક્ફની કમાણીથી ગરીબ લોકોની મદદ થાય છે. વક્ફ બોર્ડમાં કુલ ૨૨માંથી ૧૨થી વધુ નોન મુસ્લિમ લોકો સામેલ થશે, તો તેઓ શું કરશે. તમે મને રામ મંદિરના ટ્રસ્ટમાં સામેલ કરાવી દો. હું પણ રામજીનો વંશજ છું. શું મને એન્ટ્રી આપશો. તમે પુરાવો માગશો, હું સાબિત કરી દઈશ કે હું રામજીનો વંશજ છું.

## વક્ફ બિલ પ્લાનિંગ કરીને લવાયું, અમારી સાથે દગો કર્યો : AIMPLB

લોકસભામાં આજે વક્ફ સંશોધન બિલ ૨૦૨૫ (Waqf Amendment Bill LIVE Updates) રજૂ થયું છે. આ બિલ પર આજે ચર્ચા અને વોટિંગ થશે. વિપક્ષે ચર્ચા માટે ૧૨ કલાકનો સમય માગ્યો હતો. પરંતુ સરકારે માત્ર આઠ કલાકનો સમય આપ્યો છે. વક્ફ સંશોધન બિલ ૨૦૨૫ રજૂ કરતી વખતે સદનમાં વિપક્ષ વચ્ચે વચ્ચે હોબાળો પણ કરી વિરોધ પણ નોંધાવી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ વક્ફ સંશોધન બિલ રજૂ કર્યું છે. ગઈકાલે ભાજપ, જેડીયુ, ટીડીપી, શિવસેના, લોજપા, આરએલડી સહિતના સાંસદોએ વક્ફ બિલના સમર્થનમાં વ્હિપ જારી કર્યું હતું.

મુસ્લિમ પર્સનલ લો બોર્ડના જનરલ સેક્રેટરીએ કહ્યું છે કે વક્ફ એક્ટમાં સુધારાનો મુદ્દો પણ JPC પાસે ગયો હતો. જેપીસીએ પોતાનો રિપોર્ટ દાખલ કર્યો. એવું કહેવાય છે કે ૫ કરોડ ઈ-મેલ તેની વિરુદ્ધમાં મળ્યા છે. અમારા મતે, આ બિલ હવે વધુ વાંધાજનક બની ગયું છે. તેમણે એમ પણ કહ્યું કે આ બિલ પ્લાનિંગ સાથે લાવવામાં આવ્યું છે. અમે ઉઠાવેલા કોઈપણ વાંધાને સ્વીકારવામાં આવ્યા ન હતા. વકફનું સંચાલન હવે મુસ્લિમોના હાથમાંથી છીનવીને સરકારને સોંપવામાં આવ્યું છે. જેપીસી માત્ર એક કપટ હતું અને અમારી સાથે દગો કરાયો છે. લો બોર્ડના પ્રવક્તા ઈલ્યાસે જણાવ્યું હતું કે જો આ બિલ પસાર થશે તો દેશવ્યાપી આંદોલન છંછેડીશું.

ટીએમસી સંસદીય દળના નેતા કલ્યાણ બેનર્જીએ વક્ફ બિલ પર ચર્ચા દરમિયાન કહ્યું કે વક્ફ બિલ બંધારણની વિરુદ્ધ છે, તે બંધારણીય માળખા પર હુમલો છે અને અમે આ બિલનો સંપૂર્ણ વિરોધ કરીએ છીએ. ભાજપ વકફ પર રાજકારણ કરી રહ્યો છે. વકફ મિલકત મુસ્લિમ સમુદાયનું કરોડરજ્જુ છે. વકફ સુધારા બિલમાં કરવામાં આવી રહેલા ફેરફારો ઈસ્લામિક પરંપરાઓ અને સંસ્કૃતિ અંગે ગંભીર ચિંતાનો વિષય છે. તેમણે વકફ એક્ટ ૧૯૯૫નો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આ એક્ટ ઈસ્લામિક કાયદા અનુસાર બનાવવામાં આવ્યો હતો. હવે નવા બિલ દ્વારા આ મુસ્લિમોના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે ગેરબંધારણીય છે. કલ્યાણ બેનર્જીએ દરેક કલમનો ઉલ્લેખ કર્યો અને એ પણ સમજાવ્યું કે તે બંધારણની જોગવાઈઓનું ઉલ્લંઘન કેવી રીતે હતું. હું પણ હિન્દુ છું. હું મંદિરમાં દાન આપીશ, હું બૌદ્ધ મઠમાં દાન આપીશ, હું મસ્જિદમાં દાન આપીશ, હું ચર્ચમાં દાન આપીશ. તમે કોઈને કેવી રીતે નિયંત્રિત કરી શકો છો? તેમણે કહ્યું કે આ બિલ મુસ્લિમોના અધિકારો પર કાપ મૂકવા માટે લાવવામાં આવ્યું છે.

## તંત્રી લેખ...

# ચીનનું કૂણું વલણઃ ભારત ખાતેથી વધુ માલસામાન ખરીદવાની તૈયારી બતાવી

અમેરિકાની ટેરિફ વોર શરૂ થવાને ગણતરીના કલાકો બાકી છે ત્યારે ભારત પ્રત્યે વેપાર સંબંધોમાં ચીને કૂણું વલણ અપનાવ્યાનું જોવા મળી રહ્યું છે. ભારત સાથેના વેપારને સમતુલિત કરવા ભારત પાસેથી વધુ માલસામાન ખરીદવાની ચીનના રાજદૂત ઝુ ફેઓંગે ઓફર કરી હોવાનું એક અહેવાલમાં જણાવાયું હતું. વેપાર તથા અન્ય ક્ષેત્રોમાં સહકાર વધુ મજબૂત બનાવવા અને ચીનને બંધબેસતા હોય તેવા વધુ ભારતીય પ્રોડકટસની આયાત કરવા અમે તૈયાર હોવાનું ભારત ખાતેના ચીનના રાજદૂતને ટાંકીને અહેવાલમાં જણાવાયું હતું. નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં બન્ને દેશો વચ્ચેનો દ્વીપક્ષી વેપાર આંક ૧૦૧.૭૦ અબજ ડોલર રહ્યો હતો. જેમાં ભારત મોટી વેપાર ખાધ ધરાવે છે. સરકારના ડેટા પ્રમાણે ચીન ખાતેની ભારતની મુખ્ય નિકાસમાં પેટ્રોલિયમ ઓઈલ, આયર્ન ઓર, મરિન પ્રોડકટસનો સમાવેશ થાય છે.નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતે ચીન ખાતે ૧૬.૬૦ અબજ ડોલરની નિકાસ કરી હતી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બુધવાર બે એપ્રિલથી વિશ્વભરના દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે ચીનનું નિવેદન સૂચક માનવામાં આવે છે. ચીન ખાતેથી ઈલેકટ્રોનિક માલસામાન, સ્ટીલ, સેમીકન્ડકટર, ફાર્મા કાચા માલ સહિત અનેક માલસામાનની ભારત આયાત કરે છે. તાજેતરમાં જ એક પોડકાસ્ટમાં નરેન્દ્ર મોદીએ ટ્રમ્પના ભારોભાર વખાણ કર્યા હતા. ભારત-ચીન સરહદે સ્થિતિ શાંતિપૂર્ણ બનાવવા ચીનના પ્રમુખ ઝી ચિનપિંગ સાથે પણ ચર્ચા ચાલુ હોવાનું મોદીએ જણાવ્યું હતું.૨૦૨૦માં બન્ને દેશોના સૈનિકો વચ્ચે થયેલી અથડામણ બાદ સંબંધોમાં ખટરાગ આવી ગઈ હતી


# જાપાનને પાછળ છોડીને ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ બન્યું : ગડકરીનો દાવો



દેશમાં ઈલેક્ટ્રિક વાહનો (EV)નું વેચાણ વધારવા માટે કેન્દ્ર સરકાર તમામ પ્રયાસો કરી રહી છે. સરકાર છેલ્લા થોડા વર્ષોથી લોકોને EV ખરીદવા માટે ઘણું પ્રોત્સાહન આપતી રહી છે. આ સાથે જ ટેકનોલોજી પણ ઘણી આગળ વધી રહી છે અને અવારનવા નવા ફીચર્સવાળા ઈવી પણ લોન્ચ થઈ રહ્યા છે, ત્યારે ઈલેક્ટ્રિક વાહનના વેચાણ મુદ્દે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ બની ગયું છે.ગડકરીએ કહ્યું કે, 'ભારત ૨૦૩૦ સુધીમાં ઈલેક્ટ્રિક વાહનોનો સૌથી મોટો ઉત્પાદક બનવા માટે પહેલેથી જ તૈયાર છે. ભારતનું ઈવી ક્ષેત્રનું ભવિષ્ય ઘણું ઉજ્જવળ છે. જ્યારે અમારી સરકાર ૨૦૧૪માં સત્તામાં આવી હતી, ત્યારે મેં ઈલેક્ટ્રિક વાહનની વાત કરી હતી, જોકે તે વખતે મારા વિચાર પર કોઈએ વિશ્વાસ કર્યો ન હતો, પરંતુ આજે આ એક સત્ય બની ગયું છે.'

તેમણે કહ્યું કે, 'જ્યારે અમારી સરકારે સત્તા સંભાળી ત્યારે ભારતીય મોટન વાહન ઉદ્યોગનું કદ ૧૪ લાખ કરોડ રૂપિયા હતું અને હેવ તે વધીને ૨૨ લાખ કરોડ પર પહોંચી ગયું છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આપણે જાપાનને પાછળ છોડીને અમેરિકા અને ચીન બાદ વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ બની ગયા છે.તાજેતરના વર્ષોમાં ભારતમાં ઈલેક્ટ્રિક વાહનના વેચાણમાં જબરદસ્ત વૃદ્ધિ થઈ છે, જે સતત ચાલુ જ રહેશે. સરકારની નીતિઓ તેમજ માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવાથી ઈવીના વેચાણમાં વધારો થયો છે. આ સાથે હજુ વેચાણમાં વધારો થાય તે માટે પ્રયાસો કરવામાં આવશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત ૨૦૩૦ સુધીમાં EV ઉત્પાદનમાં અન્ય દેશોથી આગળ વધવાની યોજના ધરાવે છે. આનાથી પર્યાવરણીય સંરક્ષણ અને ઊર્જા બચતમાં પણ મદદ કરશે.

# વાપીની કિશોરી સાથે દુષ્કર્મ કરવાના ગુનામાં વિધર્મી વૃદ્ધ આરોપીને આજીવન કેદની સજા



વાપીના ડુંગરી ફળિયામાં ૧૧ વર્ષિય કિશોરી સાથે શારિરીક અડપલા કરી દુષ્કર્મ કરવાના કેસમાં વાપી એડિશનલ સેશન્સ કોર્ટે વિધર્મી વૃદ્ધ આરોપીને જીવનના અંતિમ શ્વાસ સુધી (આજીવન કેદ) કેદની સજા ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે દંડના રૂ.૯૦ હજાર અને રૂ.૬ લાખ મળી કુલ રૂ.૬.૯૦ લાખ પિડિતાને ચુકવવા પણ આદેશ કર્યો છે.

કેસની વિગત એવી છે કે વાપીના ડુંગરી ફળિયામાં એક પરપ્રાતિય પરિવાર રહે છે. આ પરિવારની ૧૧ વર્ષિય કામિની (નામ બદલ્યું) ગત મે-૨૦૨૨માં નજીકમાં અસરઅલી ઉર્ફે લંબુ ચાચા જેનુલ્લા ખાનની દુકાને ગઇ હતી. તે દરમિયાન લીબુ ચાચાએ કામિનીને બિસ્કિટ આપવાના બહાને દુકાનમાં બોલાવી હતી. કામવાસનામાં ચકચાર વૃદ્ધ લંબુ ચાચાએ કામિની છાતિ અને ગુપ્તાંગના ભાગે અડપલા કરી ખોટુ કામ કર્યું હતું. બાદમાં કામિની ઘરે ગઇ હતી. કામિની ગભરાયેલા લાગતા બહેને પુછતા તેણે લંબુ ચાચાના કૃત્યની જાણ કરી હતી. બાદ પરિવારને જાણ થતા મામલો પોલીસ મથકે પહોંચતા પોલીસે દુષ્કર્મનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# સુરતની સેવાભાવી સંસ્થાઓએ આગ ઝરતી ગરમીમાં સુરતમાં ગરીબ બાળકોને ચંપલનું વિતરણ કર્યું

હાલમાં ચૈત્ર માસમાં આકાશમાંથી આગ વરસતી ગરમી પડી રહી છે અને બપોરના સમયે લોકોની અવર જવર પણ ઓછી છે. આવા સમયે સુરતના અનેક વિસ્તારમાં બાળકોના પગમાં ચપ્પલ નથી હોતી તેવા બાળકોને શોધીને ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું છે. હાલ આકરી ગરમીમાં આવી સેવા ઠંડક આપી રહી છે. સુરત સહિત ગુજરાતના અનેક શહેરોમાં હાલ અંગ દઝાડતી ગરમી પડી રહી છે. આવી આકરી ગરમીમાં લોકો ઘરની બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે. એપ્રિલ મહિનામાં જ



મે મહિના જેવી આકરી ગરમી પડી રહી છે. સુરત મહાનગર પાલિકાએ લોકોને ગરમી સમયે ઘરની બહાર બિનજરૂરી ન નીકળવા તથા લૂ થી બચવા માટે અપીલ કરી છે. હાલ જે ગરમી પડી રહી છે તેના કારણે બપોરના સમયે કર્ફ્યુ જેવો માહોલ છે. લોકો ઘરની બહાર નીકળતા ડરી રહ્યા છે. આવી આપણી ગામમાં શહેરના શ્રમ વિસ્તાર અને શ્રમજીવી વિસ્તારમાં રહેતા બાળકોની હાલત કફોડી થઈ રહી છે.

આવા બાળકોની સ્થિતિ જોઈને સ્નેહ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આવા બાળકોને પગમાં પહેરવાના ચંપલ આપી તેમને ગરમીથી બચાવવાના પ્રયાસ કરવામાં આવ્યો હતો. ટ્રસ્ટના પ્રમુખ સ્વાતિ સોસા કહે છે, ઉનાળાના આકરા તાપમાં આપણે ઘર બહાર પણ નીકળતા નથી તેવામા અમુક બાળકો પાસે પગમાં પહેરવા ચંપલ પણ નથી આ બાબતનો વિચાર કરી સ્ને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લંકા વિજય ઓવર સેવા વસ્તીના બાળકોને ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આવી રીતે અન્ય જગ્યાએ પણ સેવાના કામ કરવામાં આવશે.

# વડોદરાના પૂર્વ વિસ્તારમાં પાણીની લાઈનના વધુ ભાવ આવતા પાલિકાને રૂ.૧૦ લાખનું વધારાનું ભારણ

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર ૫ અને વન નંબર-૧૫માં પાણીનું પ્રેશર વધારવા કોર્પોરેશન લાખો રૂપિયાનો ખર્ચ કરી રહી છે. ત્યારે ઈજારદારોએ અંદાજથી લગભગ ૩૫% કે તેથી વધુના ભાવપત્રો રજૂ કરતા પાલિકાને રૂપિયા ૧૦ લાખનું વધારાનું ભારણ આવશે.પાણી પુરવઠા પ્રોજેક્ટ શાખા દ્વારા પૂર્વ ઝોનમાં વહીવટી વોર્ડ નં-૫માં આવેલ આજવા રોડ નિલયપાર્કથી અમરદીપ બંગ્લોઝ સુધી પ્રેશર સુધારણા અર્થે ૩૦૦ મીમી વ્યાસની પાણીની નળીકા નાખવાના




કામે આવેલ ઈજારદાર મે.એસ.કે.મકવાણા એન્ડ કંપનીના નેટ અંદાજ રૂ.૩૩,૬૩,૬૬૧ (GST સિવાય)થી ૩૫.૨૪% વધુ મુજબ રૂ.૪૫,૪૮,૯૨૬.૯૩+ GSTના બિનશરતીય આઈટમ રેટ ભાવપત્રને મંજુર કરવાની કમિશનર તરફથી આવેલી ભલામણને મંજૂરી આપવા માટે સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કરવામાં આવી છે.પૂર્વ ઝોનમાં વહીવટી વોર્ડ નં-૧૫માં આવેલ રામવાટીકા સોસાયટીથી સ્કાયમાર્ગ એપાર્ટમેન્ટ સુધી પાણીની મોટી નળિકા નાખવાના કામે આવેલ ઈજારદાર મે.એસ.કે.મકવાણા એન્ડ કંપનીના અંદાજ રૂ.૩૮,૯૧,૬૮૦ (GST સિવાય)થી ૩૪.૯૫% વધુ મુજબ રૂ.૫૨,૫૩,૦૨૫.૯૬+GSTના બનશર્તીય આઈટમ રેટ ભાવપત્રને મંજુર કરવાની કમિશનર તરફથી આવેલી ભલામણને મંજૂરી આપવા રજૂ કરાઈ છે. ઈજારદારોએ ઊંચા ભાવપત્રો રજૂ કરતા પાલિકાને લગભગ રૂપિયા દસ લાખનું વધારાનું ભારણ આવશે.

# "સહજાનંદ સ્વામીએ કહ્યું હતું કે સાચો સંયમ ધર્મના અનુરુપ કપડાં પહેરવા માત્રામાં નથી... આચરણ અને વાણીમાં સંયમ એ પણ લોકોની સેવા જ છે"

(અંક નંબર. ૨૯૪)

"હિંસા ન કરની જંતકી, પરત્રિયા સંગ કો ત્યાગ;
માંસ ન ખાવત મદ્યકું, પિવત નહિ બડભાગ વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આતમઘાત;
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત,
નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસે, કથા સુની નહિ જાત એહી ધર્મ કે નિયમ મેં, વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ રહી એકાદશ નિયમમેં, કરી શ્રીહરિપદ પ્રીત; પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત.... "

"શ્રી સહજાનંદ સ્વામી

"મહાત્મા ગાંધીજીએ આ શબ્દો દ્વારા સ્વામી સહજાનંદજીને ઉચિત અંજલિ આપી છે કે '"જે કાર્ય એક સહજાનંદે ગુજરાતમાં કર્યું તે અનેક રાજદંડો પણ ના કરી શક્યા અને નહિ જ કરી શકે.'"

સ્વામી સહજાનંદનો આજે જન્મ દિવસ છે.૩ એપ્રિલ ૧૭૮૧ મા છપૈયા, ઉત્તરપ્રદેશમાં જન્મેલા સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક આચાર્ય. સ્વામી સહજાનંદ એટલે કે શ્રી સ્વામિનારાયણનું જીવન અસીમ કરુણાની ગાથા સમું હતું. તેમનો જન્મ રામનવમીના દિવસે અયોધ્યા નજીક છપૈયા ગામે એક સરવરિયા બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. બાલ્યકાળમાં જ પોતાની દિવ્ય પ્રતિભાથી માત્ર ૭ વર્ષની ઉંમરે તેમણે વેદો, ઉપનિષદો, પુરાણો તથા દર્શનો પર પૂર્ણ અધિકાર પ્રાપ્ત કર્યો. ૧૦ વર્ષની ઉંમરે કાશીની એક વિદ્વત્-સભામાં તેમણે નવ્ય વિશિષ્ટાદ્વૈત મતનું પ્રતિપાદન કર્યું. પિતા હરિપ્રસાદ પાંડે અને માતા ભક્તિમાતાના દેહત્યાગ બાદ બે ભાઈઓ અને ભાભીના પ્રેમાળ પરિવારને છોડીને માત્ર ૧૧ વર્ષની કુમળી વયે તેઓ હિમાલયની વાટે નીકળી પડ્યા. કાતિલ શિયાળામાં ચાર ધામની યાત્રા કરીને હિમાલયમાં છેક માનસરોવર સુધી યાત્રા કરી અને બદરીવનમાં કઠોર તપશ્ચર્યા કરી. ત્યાર બાદ નેપાળમાં તપશ્ચર્યા કરીને ૧૪ વર્ષની ઉંમરે અષ્ટાંગ-યોગ સિદ્ધ કર્યો અને પૂર્વ ભારત તથા દક્ષિણ ભારતની પદયાત્રા કરી. સતત સાત વર્ષ સુધી ખુલ્લા પગે કુલ ૧૨,૦૦૦ કિલોમિટરની તીર્થયાત્રા કરીને અઢાર વર્ષની ઉંમરે ગુજરાતમાં પધાર્યા. તેમની આ યાત્રા દરમિયાન તેઓ પોતાના સંમોહક વ્યક્તિત્વથી 'નીલકંઠ વર્ણી' તરીકે પંકાયા.

તેઓની નિરંતર યાત્રા, અસંખ્ય પરિવર્તનો બાબતમાં સ્વતંત્રતા આંદોલનના ગાંધીવાદી નેતા, પ્રસિદ્ધ લેખક શ્રી કિશોરલાલ મશરૂવાળા નોંધે છે કે શ્રી સહજાનંદ સ્વામીએ લગભગ ૩૦ વર્ષ સુધી ગુજરાત, કાઠીયાવાડ અને કચ્છમાં સતત પરિશ્રમ કરીને લોકોને શુદ્ધ માર્ગે ચઢાવ્યા. પોતાના કાળના પ્રસિદ્ધ પુરુષોમાં સહજાનંદ સ્વામી સૌથી મહાન હતા. ક્ષમાધર્મના ઉપદેશક, શૌચ અને સદાચરણ સંસ્થાપક, શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક હતા શ્રી સહજાનંદ સ્વામી. તેઓ ઘણા લોકોને અષ્ટાંગ યોગથી પણ પ્રાપ્ત ના થઈ શકે તેવી સમાધિઓ સુધી લઈ ગયા હતા. વંદન સહ આત્મ ભાવે "જય સ્વામિનારાયણ ".

જોકે આજના આ પવિત્ર દિવસે મારે થોડીક વર્તમાન પ્રવાહો ની વાત કરવી છે. એમ કહેવાયું છે આ સાચો સયંમ માત્ર ભગવાવસ્ત્રો થી આવતો નથી. વાણીથી પણ સંયમ જરૂરી છે.

કુદરતીની કરામત કહી શકાય તેવી એક બાબત જોઈએ તો....

**Mandir -6 wrods**
**Masjid-6 wrods**
**Church-6 wrods** એવી જ રીતે ધર્મગ્રંથો ની વાત કરી એ તો.....
**Geeta-5 wrods.**
**Quran-5 wrods**
**Bible-5 wrods** બધા ધર્મ સ્થાનો ના અક્ષરોમાં થી તેઓના વિચારો રુપી ધર્મ પુસ્તકો ના અક્ષરો બાદ કરીએ તો....
**hey all says same 6-5 =1**
**"GOD is ONE"**મતલબ બધા જ ધર્મ માટે ભગવાન એક અને માત્ર એક છે. આ બધા જ ધર્મની અંદર ભગવાન એક હોવા છતાં પણ અનેક પ્રકારના સંપ્રદાયોને વાડા કાળક્રમે બનતા રહ્યા છે. જોકે તમામ સંપ્રદાયો અને વાડાનો મુખ્ય આશય તો જગતના લોકોની સેવા કરવાનો, હૃદયમાં કરુણાની ભાવના જગાડવાનો છે.એનો સ્થાપક કે વડો કોઈ પણ હોય એનો આશય શું હતો એ સમજવું અગત્યનું છે.હવે વર્ષો પછી એવી ઘટનાઓ બનવા લાગી છે કે એ જે તે સંપ્રદાય સાથે ઉત્તમ કામગીરી માટે જોડાયેલા કેટલાક લોકો દ્વારા એક યા બીજા પ્રકારે અન્ય ધર્મોને ઉતારી પાડવાની પ્રવૃત્તિઓ થાય છે. એટલે એક ધર્મ થી બીજા ધર્મના લોકો વચ્ચે વૈમનસ્ય ઊભું થતું હોય છે.

વળી એક જ ધર્મના જુદા જુદા સંપ્રદાયો વચ્ચે હું મોટો અને તું નાનો, અમારા ભગવાન બધાથી મોટા.....આવી બધી અનેક ઘટનાઓ માટે હાલના બની બેઠેલા જે તે સંપ્રદાયના સ્વાર્થી વ્યક્તિઓ દ્વારા થતી હોય છે. લોક સેવાનો મર્મ સમજયા વીના પોતાની જાત દ્વારા લોકો વચ્ચે વેર ભાવના પેદા કરનારા આવા વ્યક્તિઓ ક્યારેય સાધુત્વને ન્યાય આપી શકતા નથી. આપણે સૌ જાણીએ છીએ તેમ કેટલાક તો વળી મીડિયામાં પોતાની જાતને સતત હયાત રાખવા માટે બેફામ નિવેદનો પણ કરતા હોય છે!!! આ બધું જે તે ધર્મ કે સંપ્રદાયના મૂળભૂત વ્યક્તિઓને તો ગમતું નથી હોતું. અનુયાયીઓને પણ ગમતું હોતું નથી. એક, બે, પાંચ વ્યક્તિઓ દ્વારા આવા પ્રકારની ગંદી આલોચનાઓ કરતા હોય છે. જેના કારણે સમગ્ર સમાજમાં નીચા જોણુ થતું હોય છે. ક્યારેક તો કુચેષ્ટાઓ અને અશ્લીલતાઓ હદ વટાવી ને પણ સામે આવતી હોય છે. જેના કારણે જે તે સંપ્રદાયના સ્થાપકો તથા અનુયાયીઓ માટે તેમની શ્રધ્ધાળુ ભાવનાનું અહીત થતું હોય છે. એમ કહેવાય કે જે ઝાડની ડાળી ઉપર બેઠા હોઈએ એ જ ડાળી કાપીએ તો નીચે પડાય...એવી ઘટના અંદરના જ વ્યક્તિઓ ઊભી કરતા હોય છે અને પછી આખરે જે તે સંપ્રદાય માટે તથા એ સંપ્રદાય જે ધર્મને અનુસરતો હોય એ ધર્મ પણ બદનામ થતો હોય છે. લોકોની આસ્થાને ઠેસ પહોંચતી હોય છે.

હકીકતે તો ભગવાન એક જ છે અને એ માત્ર માનવના હૃદયમાં કરુણાની સ્થિતિમાં બેઠો છે. મહાપુરુષો કે જેમણે ભગવાન સમા કાર્યો કર્યા છે તેવા સહજાનંદ સ્વામી જેવા મહાપુરુષોએ કરેલા કાર્યો ઉપર છેલ્લા કેટલાક દિવસોથી એમના જ સાધુઓ દ્વારા અન્ય ધર્મોની ટીકા ટિપ્પણીઓ કરીને પાણી ફેરવવામાં આવી રહ્યું છે,જે ખરેખર યોગ્ય નથી.

આ જગતની અંદર સૃષ્ટિના રચયિતાને ઓળખવો એ કોઈના હાથની વાત નથી તેથી માનવમાત્ર ની આસ્થા જેમાં છે એવા કોઈ પણ ધર્મના પરમ કૃપાળુ પરમાત્માને વગોવવો એ પણ યોગ્ય નથી. કુમતિ અને કુવિચારોના રવાડે ચડેલા કેટલાક પ્રસ્થાપિત હીતો ધરાવતા, અયોગ્ય લાયકાત હોવા છતાં ઊંચા સ્થાને બિરાજમાન લોકો પોતાના જ ઉચ્ચ સ્થાનને ક્યારેક ઊંડી ખીણમાં ધકેલી દેતા હોય છે. એવા અસંખ્ય દાખલાઓ તમામ પ્રકારની ધાર્મિક, સામાજિક અને રાજકીય બાબતોમાં જોવા મળતા હોય છે. કોઈ કંઈક બોલી જાય અને હજારો, કરોડો અનુયાયીઓની શ્રધ્ધા તથા કરેલા સારા કામો ઉપર પાણી ફરી વળે છે. મૂળ તો જેતે ધર્મ કે સંપ્રદાયમાં જે આસ્થા ધરાવતા હોઈએ એ ધર્મના પાયા ઉપર જ હાથે કરીને કુઠારાઘાત થાય ત્યારે દુઃખ થાય એ સ્વાભાવિક છે. માટે બફાટ કરવો યોગ્ય નથી.એટલે જ મિત્ર કોશલ શેઠ કહે છે કે અટપટી છે આ જગત અને ધર્મની ધારા.....

"આ ધારામાં વહેવું ઘણું આકરું છે,
કશું પણ ન કહેવું ઘણું આકરું છે.
બધા બુધ્ધિમાનોની વચ્ચે અહીં પર,
ખરેખર તો રહેવું ઘણું આકરું છે.
ભૂજાઓને બાંધી સમંદરમાં પડવું,
અને એમાં તરવું ઘણું આકરું છે.
સમજમાં ન આવે એવી વાત પર પણ,સમાધાન કરવું ઘણું આકરું છે.
બાંધીને પાટા બધા જેમ આંખે ,
ચાલ્યા જ કરવું ઘણું આકરું છે.
મળે ને મથામણ પછી તોડ એના,
વિચારોમાં રહેવું ઘણું આકરું છે.
માંગ્યુ મરણ ''સ્તબ્ધ'' મળતું નથી જ્યાં,
જીવતું ય રહેવું ઘણું આકરું છે.""

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# સોનગઢમાં ઈચ્છાધારી હનુમાન દાદાનો આઠમો પાટોત્સવ ઉજવાશે



તેજલ ચૌહાણ- સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ નજીકના સોનગઢ ગામે રોડ પાસે આવેલા ઈચ્છાધારી હનુમાન દાદાનો આઠમો પાટોત્સવ તા.૧૨ મી એપ્રીલને શનિવારે ઉજવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.જેમાં પ્રતાપસિંહ તેમજ હનુમાન ભક્ત સમુદાય અને સોનગઢ ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું છે.દર વર્ષે ઉજવાતા દાદા હનુમાનજી ના આ પાવનકારી પ્રસંગમાં હજારો લોકો ઉમટી ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લે છે.આ વર્ષે પણ હોમ-હવન, પૂજા,મહાપૂજા, મહાઆરતી અને મહાપ્રસાદ ના સુંદર આયોજનો કરવામાં આવ્યાં હોવાનું હનુમાનજી મંદિર ના દાદા હનુમાનજી ના સેવકો ડાહ્યાભાઈ ભરવાડ, અર્જુનસિંહ,સોમાજી ચૌહાણ, પ્રેમપુરી ગોસ્વામી દ્વારા જણાવાયું છે.-અખંડ ભારત

# ધારાસભ્યના ખોટા સહી સિક્કાથી ધમધમતું આધારકાર્ડ અપડેટ રેકેટનો પર્દાફાશ

સુરતના વરાછામાં ધારાસભ્યના ખોટા સહિ-સિકકાનો ઉપયોગ કરી આધારકાર્ડ અપડેટ કરવામાં આવતા હોવાના રેકેટનો કાપોદ્રા પોલીસે પર્દાફાશ કરી એક ઈસમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે વરાછા ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીના બોગસ સહી અને સિક્કાનો ઉપયોગ કરીને આધાર કાર્ડ અપડેટ કરવાનું આખુ રેકેટ ચલાવવામાં આવતું હોવાનું કાપોદ્રા પોલીસને જાણ થતાં છાપો મારી દીપક પટનાયક નામના ઈસમની ધરપકડ કરી છે. આરોપી દીપક એમ.બી.એ. અભ્યાસ કરે છે. નવા પાનકાર્ડ બનાવવા માટે પણ આરોપી લોકો પાસે ફોર્મ પર સહી કરાવતો હતો. આરોપી લોકો પાસેથી દરેક ફોર્મ દીઠ ૨૦૦ રૂપિયા વસૂલતો હતો.આધાર કાર્ડ અને પાન કાર્ડ બાબતે કરવામાં આવેલું આ સૌથી મોટું કૌભાંડ ગણવામાં આવી રહ્યું છે.સમગ્ર કાર્યવાહીમાં પોલીસે મોનિટર, સીપીયુ, પ્રિન્ટર મશીન, થંબ પ્રિન્ટ ડિવાઈસ, સ્ન્છનો બોગસ સિક્કો, બોગસ સિક્કા મારેલ ૧૦ ફોર્મ આ ઉપરાંત ફોર્મ નંબર ૪૯ છ લખેલ અલગ અલગ દસ્તાવેજ અને મોબાઈલ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિજયનગરના જંગલોમાં આગ...

દિલીપ પટેલીયા- વિજયનગર તાલુકાના દંતોડ. જુસાવાડા. કુંડોલ જંગલોમાં આગ ભભૂકી ઉઠતા વનરાજી બળીને ખાખ થઈ જવા પામી છે.છાશવારે આ વિસ્તારના જંગલોમાં આગની ઘટના બનતી હોવા છતાં વન વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા દિવસે દિવસે જંગલો નષ્ટ થતાં જતાં તેના અસ્તિત્વ સામે ખતરો ઉભો થયો છે. -અખંડ ભારત



# ભારતમાલા ટોલનાકાનું લોકાર્પણ કરાયુ



યશપાલ જાડેજા- પાટણ જીલ્લાના સાંતલપુર તાલુકાના વરણોસરી ગામે આવેલ ભારતમાલા ટોલ પ્લાઝા નું ઉદ્ઘાટન કરશનજી જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં તમામ આજુ બાજુ ના ગામ ના આગેવાન તેમજ ગામ લોકો હાજર રહ્યા હતા- અખંડ ભારત

# વણઝારિયા થી રુદણ સંઘનું પ્રસ્થાન..



હસમુખ પ્રજાપતિ - લીમખેડા તથા વણઝારિયા સહિત ના આસપાસ ના ગામોમાંથી લગભગ દોઢસો જેટલા માઈ ભક્તો પગપાળા રથ લઈ ને રુદણ ચેહર માતા દર્શન કરવા માટે નીકળ્યા હતા જે ચૈત્ર સુદ આઠમ ને શનિવારે પહોચી માતાજીના દર્શન કરી માતાજી ના આશીર્વાદ લેશે.આ સંઘ છેલ્લા તેર વર્ષથી સંઘ લઈને રુદણ ચેહર માતાના દર્શન કરવા જાય છે .જે તમામ યાત્રાળુઓની યાત્રા સફળ બને તેવી સ્થાનિકો શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

# રાજપીપલામાં ગેસ એજન્સી ની મનમાની સામે રજૂઆત કરાઈ

જીતેન્દ્ર સોલંકી.નર્મદા જિલ્લાના રાજપીપલામાં આવેલ રાંધણ ગેસની દારાસા મંચનજી ની મનમાની સામે પુરવઠા વિભાગમાં લેખિત રજૂઆથ કરાઈ છે.જેમાં જણાવ્યા પ્રમાણે ઉપરોક્ત એજન્સી દ્વારા યેનકેન પ્રકારે ગેસ ધારકોને બોટલ ભરી આપવા મુદ્દે ગલ્લા-તલ્લા કરવામાં આવતા હોઈ ગેસ એજન્સીના વિક્રેતાઓ દ્વારા મનમાની અને દાદાગીરી કરતા આ મુદ્દે એક ગેસ ધારકે લેખિતમાં સ્થાનિક પુરવઠા અધિકારીને રજૂઆત કરી ગેસ એજન્સી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.-અખંડ ભારત

# સુરતમાં રોગચાળો વકર્યો,કમળો-ટાઈફોડના કેસમાં વધારો

સુરતમાં ગરમીની સાથે રોગચાળો વકર્યો છે,જેમાં ઝાડા-ઊલટીના ૨૬૦૬ કેસ, ટાઈફોઈડના ૮૫ કેસ,કમળાના ૮ કેસ નોંધાયા છે,બીજી તરફ રોગચાળો વકરતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે,આરોગ્ય વિભાગે ૧.૩૩ લાખ ઘરોમાં સર્વે કરી પાણીપુરી, આઈસ ડિશ, આઈસ્ક્રીમના સેમ્પલ આરોગ્ય વિભાગે લીધા છે,આરોગ્ય વિભાગની ટીમે અલગ-અલગ વિસ્તારમાંથી કુલ મળીને ૨૫૦ સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

# પશ્ચિમ બંગાળમાં બાળ સુધાર ગૃહમાંથી ૨૧ બાળકો ગાયબ થતાં દોડધામ

પશ્ચિમ સિંઘભૂમ જિલ્લા મુખ્યાલયમાં સ્થિત બાળ સુધાર ગૃહમાંથી ૨૧ થી વધુ બાળ કેદીઓ ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. આ ઘટના મંગળવારે સાંજે બની જ્યારે શહેરમાંથી એક જૂલુસ કાઢવામાં આવ્યું હતું.મળતી માહિતી મુજબ, બાળ સુધાર ગૃહની અંદર બાળ કેદીઓ રમી રહ્યા હતા ત્યારે અચાનક તેમની વચ્ચે ઝઘડો શરૂ થઈ ગયો, ત્યાર બાદ બાળ કેદીઓએ હોબાળો મચાવ્યો હતો. થોડા સમય પછી કેદીઓ વચ્ચે મારામારી શરૂ થઈ ગઈ હતી. ત્યાર બાદ ગેટ તોડીને બાળ કેદીઓ નાસી છૂટ્યા હતા.બાળ કેદીઓએ ભાગવાનો પ્રયાસ કરતી વખતે ગાર્ડ અને સુરક્ષા કર્મચારીઓ પર ઘાતક હુમલો કરી સીસીટીવી કેમેરા પણ તોડી નાખ્યા હતા. ત્યારબાદ તેઓ ગેટનું તાળું તોડી નાસી છૂટ્યા હતા.ઘટનાની જાણ થતાં જ અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી.કોઈએ બાળ કેદીઓનો ગેટ તોડીને ભાગી જવાનો વીડિયો પણ બનાવ્યો છે. આ વીડિયો ઝડપથી વાયરલ થયા બાદ જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે.ડેપ્યુટી કમિશનર કુલદીપ ચૌધરીએ જણાવ્યું હતું કે બાળ કેદીઓ બાળગૃહમાંથી ભાગી જવાના સમાચાર મળ્યા બાદ પોલીસ ઓબ્ઝર્વેશન હોમમાં પહોંચી હતી. લગભગ ૮૫ બાળકોને ઓબ્ઝર્વેશન હોમમાં રાખવામાં આવ્યા હતા. જેમાંથી ૨૧ બાળ કેદીઓ નાસી છૂટ્યા છે. કેટલાક બાળકોને શોધી કાઢવામાં આવ્યા છે. આ માટે જવાબદાર સુરક્ષા કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# છાછરની શ્યામ વાડીમાં તસ્કરીનો નિર્થક પ્રયાસ

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છાછર ગામમાં આવેલ શ્યામ વાડીમાં રાત્રી દરમ્યાન તસ્કરો તસ્કરી કરવાનો નિર્થક પ્રયાસ કરતા વાડી ઉપર રાત્રી ચોકી ફેરો કરવા રોકાયેલ નટુભાઈ ઉપર પત્થર મારો કરી તસ્કરો ભાગી છૂટ્યા હતા.જે સમગ્ર ઘટના વાડીના સીસીટીવી કુટેજમાં કેદ થવા પામી છે.ત્યારે સમયાંતરે આ વાડી ઉપર તસ્કરો દ્વારા તસ્કરીના અંજામ આપવા માટે થતી હરકતોને લઈને આજે કોડીનાર પો.સ્ટેશનમાં લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.-અખંડ ભારત

# નેત્રંગમાંથી એક જુગારી ઝડપાયો,ચાર ફરાર

પ્રતિક પ્રજાપતિ - નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થાનિક પોલીસે ચંદ્રવાણ તાડકંપની ફળીયામા મુકેશ ભક્તિ વસાવાના ઘર નજીક ખુલ્લી જગ્યામાં લાઈટના અજવાળામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોવાની બાતમીના આધારે સ્થળ ઉપરથી નરેશ જશવંત વસાવા (ઉ.વ.૩૩, રહે.ચંદ્રવાણ તાડકંપની ફળીયુ ચાલતી તા.નેત્રંગને રોકડા રૂ.૯૪૦/- દાવ હાથ પર ના રોકડા રૂ ૧૨૭૦/-લઈ મળી કુલ્લે રૂ. ૨૨૧૦/- મુદામાલ સાથે તેની અટકાયત કરી પોલીસ ને ચકમો આપી ફરાર થયેલા (૧) મનિષ નારણ વસાવા ત (૨) મુકેશ ભક્તિ વસાવા (૩) કલ્પેશ સુખદેવ વસાવા (૪) રાજુ વસાવા (તમામ રહે. તાડકંપની ફળીયુ, ચંદ્રવાણ તા. નેત્રંગ જી.ભરૂચ) ના ચારેય ઈસમોને વોન્ટેડ ક જાહેર કરી જુગાર અધિનિયમ ૧૨ હેઠળ ગુનો મુજબ નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.-અખંડ ભારત

# ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા નિકળ્યું તંત્ર

ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં બનેલી બ્લાસ્ટની ઘટના બાદ તંત્ર હરકતમાં આવ્યું છે.પોલીસ અને ફાયર બ્રિગેડની અલગ અલગ ટીમો દ્વારા વાંચ ગામ ઉપરાંત કઠવાડા સહિત અલગ અલગ જગ્યાએ ફટાકડાની ફેક્ટરીઓ અને ફટાકડાના ગોડાઉનની કાયદેસરતા અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.અમદાવાદના હાથીજણ નજીક આવેલું વાંચ ગામ ગુજરાતનું શિવાકાશી મનાય છે. જેમ શિવાકાશીમાં ફટાકડા બનાવવાની ફેક્ટરીઓ છે તેવી જ કઠવાડા નજીક અનેક કારખાનાઓ ફટાકડા બનાવવા માટે ધમધમી રહ્યા છે.અમદાવાદનું પોલીસ તંત્ર અને અમદાવાદ ફાયર બ્રિગેડ તંત્ર એક્શનમાં આવ્યું છે અને આ મામલે અમદાવાદમાં ધમધમતી ફટાકડાની ફેક્ટરીઓ અને કારખાનાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા છે કે કેમ તેમજ આ કારખાનાઓમાં કામ કરતા મજૂરોની સેફટીને લઈને કયા પ્રકારની સુવિધા છે તે સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

# શ્રી ૪૨ ગોળ રોહિત સમાજ ટ્રસ્ટના પ્રમુખની વરણી કરાઈ

સંજય ચાવડા - મહેસાણા જીલ્લાના જોટાણા તાલુકાના કસલપુર ખાતે તાજેતરમાં શ્રી ૪૨ ગોળ રોહિત સમાજ સેવા ટ્રસ્ટની મળેલી મિટીંગમાં સમાજ ટ્રસ્ટના પ્રમુખ તરીકે કંચનલાલ જી ચાવડાની સર્વાનુમતે કરવામાં આવેલી નિમણૂંકને આવકારી સમાજના આગેવાનો,રાજેન્દ્રકુમાર ડી ચાવડા,નાથાભાઈ એમ પરમાર,બાબુભાઈ સોલંકી,મનુભાઈ સોલંકી,મહેન્દ્રભાઈ ચૌહાણ સહિત સમાજના અન્ય આગેવાનો,જ્ઞાતિબંધુઓ આ નિમણૂંકને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

# સેદરડા મુકામે યજ્ઞ યોજાયો



કમલેશ રાજગુરૂ- મહુવા તાલુકાના સેદરડા ખાતે હાડીડા ધંધિયાના (મહેતા) પરિવાર દ્વારા ચૈત્ર સુદ પાંચમ ના આજના દિવસે યજ્ઞમું આયોજન કરવામાં આવતા યજ્ઞમાં મુખ્ય આગેવાન નાથાભાઈ, જીવનભાઈ, ઘનશ્યામભાઈ, દિનેશભાઈ, લલિતભાઈ તથા સમગ્ર મહેતા પરિવાર તેમજ ગ્રામજ નો ઉપસ્થિત રહી સુરાપુરા દાદા ની પૂજા આરાધના કરી હતી.-અખંડ ભારત

# ડીસા ફટાકડા કાંડમાં સરકાર-તંત્રની મિલીભગત-શક્તિસિંહ ગોહિલ

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ગેરકાયદેસર રીતે ફટાકડા ઉત્પાદન યુનિટમાં મંગળવારે ઘટેલી દર્દનાક ઘટનાના સમગ્ર બનાસકાંઠા જ નહી પરંતુ સમગ્ર રાજ્ય અને દેશભરમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.આ દુર્ઘટનામાં જીવ ગૂમાવનાર મૃતકોના પરિવારોને રાજય સરકાર દ્વારા આર્થિક સહાય જાહેર કરાઈ છે.ગતરોજ બનાસકાંઠા સાંસદ ગેનીબેન ઠાકોરે પણ આ મુદ્દે દુઃખ વ્યક્ત કરી આ કાંડના આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી.આજે રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલે પણ સરકાર અને તંત્ર ઉપર આક્ષેપ કરતા જણાવ્યું હતું



કે સરકાર અને તંત્રની મિલીભગતના કારણે ફટકડાના ગોડાઉન,કે મેન્યુફેકચરીગ ની કોઈપણ પ્રકારની પરવાનગી વગર ફટાકડાનું ઉત્પાદન ધમધમતુ હોવા છતાં તંત્રને કે સરકારને તેની જાણ સુદ્ધા ન હોય તે કેવી રીતે માની શકાય,કેમ આજ દિન સુધી આ પ્રકારના પરવાનગી વગર ગેરકાયદેસર ચાલતા ઉત્પાદન યુનિટો સામે તંત્ર અને સરકારે કાર્યવાહી ન કરી તેવી સણસણતો પ્રશ્ન કરી સરકાર અને તંત્ર ગુનેગારોને છાવરવાને બદલે તેમની સામે કડક હાથે કાર્યવાહી કરે તેવી માંગ કરી છે.

# હારીજ પાલિકામાં વિવાદ:વોર્ડ ૬ના કોર્પોરેટરનો આરોપ-માત્ર વોર્ડ ૫માં જ કામ થાય છે, અન્ય વિસ્તારો ઉપેક્ષિત

હારીજ નગરપાલિકામાં વિવાદ સર્જાયો છે. વોર્ડ નંબર ૬ના કોંગ્રેસના કોર્પોરેટર બિપિન રાવલે નગરપાલિકા પ્રમુખ સામે ગંભીર આરોપો મૂક્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર ત્રણ વિડિયો શેર કરીને આ મુદ્દો ઉઠાવ્યો છે.

રાવલના જણાવ્યા અનુસાર, નગરપાલિકા પ્રમુખ માત્ર પોતાના વોર્ડ નંબર ૫માં જ વિકાસ કાર્યો કરાવે છે. અન્ય વિસ્તારોમાં કોઈ કામગીરી થતી નથી. ખાસ કરીને સોમનાથ નગરમાં ગંભીર સમસ્યાઓ છે. અહીંના મુખ્ય માર્ગ પર ગટર ઉભરાવાની સમસ્યાથી રાહદારીઓ અને વાહનચાલકો



પરેશાન છે.સોમનાથ-૨ વિસ્તારમાં ત્રણ કોર્પોરેટર (એક ભાજપ અને બે કોંગ્રેસના) રહે છે, છતાં પાલિકા તેમની ફરિયાદો સાંભળતી નથી. રાવલે આરોપ મૂક્યો છે કે જ્યારે પાલિકામાં ચૂંટાયેલી બોડી નહોતી અને વહીવટદાર હતા, ત્યારે કામગીરી વધુ સારી રીતે થતી હતી.કોર્પોરેટરે વધુમાં જણાવ્યું કે વોર્ડ ૫ની રજૂઆતો તરત જ ધ્યાને લેવાય છે, જ્યારે અન્ય વોર્ડની અવગણના કરવામાં આવે છે. તેમણે પાલિકા પ્રમુખ પર પક્ષપાતી વર્તન કરવાનો આરોપ મૂક્યો છે.

# સરકાર સામે આંદોલનમાં મક્કમ વ્યાયામ શિક્ષકોઃસચિવાલય કૂચ બાદ સત્યાગ્રહ છાવણીએ ૧૭મા દિવસે પણ લડત ચાલુ

ગાંધીનગરમાં ખેલ સહાયક યોજના રદ કરી કાયમી ભરતીની માગ સાથે વ્યાયામ શિક્ષકોનું આંદોલન ૧૭મા દિવસે પણ ચાલુ રહ્યું છે. મંગળવારે (૧ એપ્રિલે) શિક્ષકોએ સચિવાલય તરફ કૂચ કરી હતી. પોલીસે તમામની અટકાયત કરી હતી. ત્યારે આજે સત્યાગ્રહ છાવણીએ પણ એકઠા થતાં અટકાયત કરી છે. સરકાર ટસની મસ થઈ રહી નથી ત્યારે અડીખમ વલણ છતાં વ્યાયામ શિક્ષકો ૧૭ દિવસથી લડત ચલાવી રહ્યા છે અને આંદોલન માટે મક્કમ છે.આજે (૨જી એપ્રિલે) બુધવારે પણ શિક્ષકો સત્યાગ્રહ છાવણીએ ધરણા માટે એકઠા થયા હતા. પોલીસે ફરી તેમની અટકાયત કરી લીધી છે. શિક્ષકોએ




પોલીસની કાર્યવાહી જાણતા તાળીઓ પાડીને તેમનું સ્વાગત કર્યું હતું.વ્યાયામ શિક્ષકોનો આક્ષેપ છે કે છેલ્લા ૧૫ વર્ષથી સરકાર તેમની સાથે અન્યાય કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, જ્યાં સુધી શિક્ષણ વિભાગ તેમની માંગણીઓનું નિરાકરણ નહી લાવે, ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.મંગળવારે સચિવાલય ખાતેના દેખાવો દરમિયાન બે શિક્ષકોને ઈજા થઈ હતી. તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. શિક્ષકોએ સ્પષ્ટ કર્યું છે કે સરકારના આવા વલણથી તેઓ પીછેહઠ કરવાના નથી.ગાંધીનગરમાં છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાતમાં કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતી ન થતાં વ્યાયામ શિક્ષકો આંદોલનના માર્ગે ઉતર્યા છે. છેલ્લા ૧૭ દિવસથી વ્યાયામ શિક્ષકો ગાંધીનગરમાં ધામા નાખીને સરકારમાં રજૂઆત કરી રહ્યા છે, પરંતુ તેમની પડતર માંગણીઓ સંદર્ભે કોઈ નિરાકરણ આવ્યું નથી.અત્યાર સુધીમાં વ્યાયામ શિક્ષકોએ ધરણા પ્રદર્શન કરી અંગ કસરતના દાવ, સૂર્ય નમસ્કાર, યોગ કરીને કાયમી ભરતીની માગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. તેમ છતાં સરકાર દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં આજે વ્યાયામ શિક્ષકોએ સચિવાલય બહાર દેખાવો યોજયા હતા, જેઓની પોલીસે અટકાયત કરી લીધી છે.

# અમદાવાદ ખાતે નરેન્દ્ર મોદી વિચાર મંચ ગુજરાત પ્રદેશ મહિલા શાખાની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

નરેન્દ્ર મોદી વિચાર મંચ ગુજરાત પ્રદેશ અમદાવાદ શહેર પશ્ચિમ/પૂર્વ વિભાગની સંયુક્ત બેઠક અમદાવાદના શાહીબાગ સર્કિટ હાઉસ ખાતે યોજાઈ હતી. આ બેઠક નરેન્દ્ર મોદી વિચાર મંચ મહિલા શાખા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રીમતી મિનલબેન જાનીના અધ્યક્ષસ્થાને અને પ્રદેશ મુખ્ય મહામંત્રી શ્રીમતી નેહલબેન ગોરની આગેવાનીમાં યોજાઈ હતી.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ (મુખ્ય શાખા) શ્રી ચેહરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, મુખ્ય શાખા પ્રદેશ મંત્રી શ્રી પંકજભાઈ પિત્તાળીયા અને અમદાવાદ જિલ્લા મુખ્ય શાખા અધ્યક્ષ શ્રી વિપુલભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા.પશ્ચિમ વિભાગ પ્રમુખ શ્રીમતી મિનાક્ષીબેન પટેલ અને



પૂર્વ વિભાગ પ્રમુખ શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પ્રદેશ અને શહેરના પદાધિકારીઓને નિમણૂંક પત્રો આપવામાં આવ્યા હતા.

મહિલા શાખાના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન ભાવસાર, દક્ષાબેન દેસાઈ, વિશાખાબેન પરીખ, પ્રદેશ મંત્રી શ્રીમતી હીરલબેન નાયક, કિંજલબેન ઠાકર, રીટાબેન ભટ્ટ અને અન્ય મહિલા સભ્યોએ આગામી સમયમા ઘરે ઘરે જઈને સમાજ જાગૃતિ ના અભિયાન વિશે માહિતી આપી હતી. આ અભિયાનમાં સોશિયલ મીડિયાથી થતા નુકસાન, બાળકો પર ફોન ગેમ્સની નકારાત્મક અસર, મહિલાઓની શારીરિક અને માનસિક તંદુરસ્તી, અને સમાજલક્ષી શિબિરોનું આયોજન જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહિલા સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠક સમાજ જાગૃતિના ઉદ્દેશ્ય સાથે સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગના જોખમવાળા એકમો સામે કડક પગલાંની તૈયારી

રાજકોટમાં બનેલ આગ લાગવાની દુઃખદ ઘટના બાદ રાજ્ય સરકારે આવી ઘટનાઓ ભવિષ્યમાં ન બને તે માટે તમામ મહાનગરપાલિકાઓને ગાઈડલાઈન જારી કરી હતી. આ ગાઈડલાઈનને અનુસરીને ગાંધીનગર મહાનગરપાલિકાએ પોતાના વિસ્તારમાં આવા એકમોનો સર્વે હાથ ધર્યો હતો. ૨૭ જોખમી એકમોની યાદી તૈયારસર્વે દરમિયાન પ્રથમ તબક્કામાં કુલ ૨૭ એકમો ચિહ્નિત કરવામાં આવ્યા છે, જેમાં આગની ઘટના સમયે અકસ્માતનું જોખમ રહેલું છે. આ એકમોમાં માર્જિન મટીરિયલથી આવરણ કરવામાં આવ્યું છે અને બેઝમેન્ટમાં કિચન, ગોડાઉન, ક્લાસિસ, શોપિંગ મોલ જેવા વાણિજ્યિક ઉપયોગ થાય છે. આ સ્થળોએ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવા છતાં, આકસ્મિક સ્થિતિમાં બહાર નીકળવાની પૂરતી વ્યવસ્થા નથી.આગામી પગલાંઃ સીલિંગથી લઈ ડિમોલિશન સુધીઆવા અનધિકૃત વપરાશવાળા એકમો સામે ગાંધીનગર મહાનગરપાલિકા આગામી દિવસોમાં કડક કાર્યવાહી કરવાની તૈયારીમાં છે. આ કાર્યવાહીમાં સીલિંગથી લઈને જરૂર જણાયે ડિમોલિશન સુધીનાં પગલાં લેવામાં આવશે.

# વિજયવર્ગીય સમાજ દ્વારા ગણગૌર મહોત્સવ






અમદાવાદ વિજયવર્ગીય સમાજ ની મહિલાઓ દ્વારા ૩૧માર્ચ ના રોજ ખંડુભાઈ હોલ અસારવા ખાતે વિજયવર્ગીય સમાજ ના મહિલા અધ્યક્ષ મધુ અનિલ કુમાર વિજયવર્ગીય તરફ થી ઉજવવા મા આવ્યો હતો કાર્યક્રમ ની શરૂઆત ગણગૌર ની શોભાયાત્રા,ગણગૌર નું સામુહિક પુજન, સાંસ્કૃતિક કાર્યક્રમ,ઈનામ વિતરણ ના આયોજન પછી સમાજ ના ચાર સૌ થી વધુ લોકો દ્વારા હોલી સ્નેહમિલન સમાજ ના મહિલા અને પુરુષો દ્વારા સામુહિક નૃત્ય નુ આયોજન પણ રાખવામાં આવ્યું હતું.

# રાંધેજા ખાતે અદ્યતન સુવિધા સાથેનું ક્રિકેટ સ્ટેડિયમ બનશે

ગાંધીનગરમાં પણ સ્પોર્ટસને લગતી ફેસેલિટી ઉભી કરવા અંગે વિવિધ તંત્રો દ્વારા આગોતરી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ જીમખાના અને રમત- ગમતને લગતી સુવિધાઓ માટે કવાયત શરૂ કરાઇ છે. જેના ભાગરૂપે શહેરના યુવાનો માટે રાંધેજા ખાતે આધુનિક સુવિધાઓ સાથેનું ક્રિકેટ સ્ટેડિયમ બનાવવાનું આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. આ માટે સ્થળ પસંદગી પૂર્ણ થઇ ગઇ છે અને ક્રિકેટ સ્ટેડિયમ માટે પ્લાન- નકશા- ડિઝાઇન વગેરે તૈયાર કરવા માટે કન્સલ્ટન્ટની નિમણૂંક કરવામાં આવનાર છે. શહેરના સેક્ટર-૨૧માં આધુનિક ક્રિકેટ સ્ટેડિયમનું કામ ચાલી રહ્યું છે ત્યારે શહેરમાં રાંધેજા ખાતે બીજું ક્રિકેટ સ્ટેડિયમ બનશે.

મેયર મીરાબેન પટેલ દ્વારા ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિને રાંધેજા ખાતે ક્રિકેટ સ્ટેડિયમ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. તે પછી તેના આયોજન માટે કવાયત શરૂ કરવામાં આવી હતી. રાંધેજામાં સ્થાનિક કોર્પોરેટરો સાથે પરામર્શ અને ઈજનેરી તથા ટાઉન પ્લાનીંગ શાખાના અધિકારીઓ દ્વારા સ્થળ પસંદગી માટે સ્થળ મુલાકાત પણ કરવામાં આવી હતી.

# આરોગ્ય કર્મચારીઓની હડતાળનો ૧૭મો દિવસઃગ્રેડ પે અને ખાતાકીય પરીક્ષાની માગ સાથે સહી ઝુંબેશ દ્વારા વિરોધ નોંધાવ્યો





ગુજરાત પંચાયતના આરોગ્ય કર્મચારીઓની હડતાળ ૧૭મા દિવસે પણ યથાવત રહી છે. કર્મચારીઓ ગ્રેડ પે અને ખાતાકીય પરીક્ષાની માંગણી સાથે આંદોલન કરી રહ્યા છે.સરકાર દ્વારા સેવા સમાપ્તિના આદેશો છતાં સેંકડો કર્મચારીઓ ગાંધીનગરમાં ધરણા પર બેઠા છે. પોલીસ છેલ્લા ચાર દિવસથી અટકાયતની કાર્યવાહી કરી રહી છે. આજે બુધવારે કર્મચારીઓએ સહી ઝુંબેશ દ્વારા પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.કર્મચારી મહાસંઘે જાહેરાત કરી છે કે જ્યાં સુધી તેમની માંગણીઓ અંગે સરકારી ઠરાવ નહીં થાય, ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે. આંદોલનમાં ગુજરાત રાજ્ય પંચાયત વિભાગ વર્ગ-૩ના સાત કેડરના કર્મચારીઓ જોડાયા છે. તેમાં એમપીએચડબલ્યુ, એફ એચ ડબલ્યુ, એમપીએચએસ, એફ એચએસ, ટીએમપીએચ, ટીએચવી અને જિલ્લા કક્ષાના આરોગ્ય સુપરવાઈઝરનો સમાવેશ થાય છે. કર્મચારીઓની મુખ્ય માંગણી ટેકનિકલ કેડરમાં સમાવેશ અને ગ્રેડ-પે પગાર સુધારણાની છે. ગઈકાલે મંગળવારે પોલીસે અનેક કર્મચારીઓની અટકાયત કરી હતી. જો કે, રોજ અટકાયત છતાં બીજા દિવસે નવા કર્મચારીઓ આંદોલનમાં જોડાય છે. સરકાર અને કર્મચારી મહાસંઘ બંને પોતાના વલણ પર અડગ છે. સરકાર હડતાળ સમાપ્તિ બાદ જ વાટાઘાટો કરવા માંગે છે. જ્યારે મહાસંઘ સરકારી ઠરાવની માગ પર મક્કમ છે.

# કલોલ શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવે ૧૦૦૦ કુંડાનું વિતરણ

શ્રી સ્વામિનારાયણ ગાદીના જ્ઞાનમહોદધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, કલોલના ત્રિદિવસીય દશાબ્દિ મહોત્સવે જીવદયા / પર્યાવરણ ક્ષેત્રે અત્યાર સુધી રૂા. ૧૯ લાખનું માતબર દાન ગ્રીન પ્લેનેટ - શ્રી મુક્તજીવન સ્વામીબાપા પર્યાવરણ સંસ્થાન, કલોલને કરવામાં આવ્યું છે. સંસ્થાન દ્વારા પક્ષીઓ માટે દર વર્ષે ઉનાળામાં ૧૦૦૦ કુંડાનું પણ વિતરણ કરવામાં આવે છે, ઉપરાંત સંતવંદના, ભક્તિ સંગીત, વ્યસન મુક્તિ રેલી, વિવિધ ગ્રંથોની ધાર્મિક પારાયણો વિગેરે વૈવિધ્યસભર આધ્યાત્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા.

ભગવત્પ્રિયદાસજી સ્વામીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે જયારે પર્યાવરણ સમસ્યા સળગી રહી છે ત્યારે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાને ઠેર ઠેર હજારો વૃક્ષોનું વાવેતર કરીને ઉમદા કાર્ય કર્યા છે, વૃક્ષ વેલીનું છેદન પણ ન કરવા અનુરોધ કર્યો છે.પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે, મનુષ્યનું જીવન સત્સંગ , સંસ્કાર અને સદગુણ સંપન્ન હોવું જોઈએ. આ કાર્યક્રમમાં



ધારાસભ્યશ્રી, નગરપાલિકા પ્રમુખશ્રી, કોર્પોરેટરશ્રીઓ, અહેમદભાઈ પઠાણ, પ્રેસિડેન્ટ ગ્રીન પ્લેનેટ વિગેરે મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મહંત સદ્ગુરુ શાસ્ત્રી

# શહેરમાં વધુ ૭ જંક્શન પર સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ લગાવાશે, મનપા સરવે બાદ કામગીરી હાથ ધરશે

નવા વિસ્તારોમાં જેટલી ઝડપથી વિકાસ થઇ રહ્યો છે તેટલા જ ઝડપથી ટ્રાફિકની સમસ્યાઓ પણ ઉદભવી રહી છે. આ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. કેમેરા સાથે ઓટો ટાઇમર સહિતની સુવિધા ધરાવતા આ સ્માર્ટ ટ્રાફિક સિગ્નલોને કારણે આ વિસ્તારોમાં ટ્રાફિક મેનેજમેન્ટમાં સરળતા રહેવાની સાથે આ વિસ્તારોનું સીધું સર્વેલન્સ પણ મહાનગરપાલિકાના કંટ્રોલરૂમમાંથી થઇ શકશે. જેથી ટ્રાફિક નિયમન ઉપરાંત સલામતીના કારણોસર શહેરના વિવિધ સાત સ્થળોએ કેમેરા લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મામલે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મ્યુનિસિપલ કમિશનર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે.મહાપાલિકા દ્વારા અગાઉ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ શહેરના કુલ ૩૬ જંક્શન પર સ્માર્ટ



ટેક્નોલોજી વાળા ટ્રાફિક સિગ્નલ્સ લગાવવામાં આવેલા છે. આ અગાઉ લગાવાયેલા સિગ્નલો સાથે નવા ૭ સિગ્નલ કનેક્ટ થઇ જાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. મહાપાલિકા દ્વારા નવા ૭ સ્થળો વ્યૂહાત્મક દ્રષ્ટીકોણથી નક્કી કરવામાં આવ્યા છે. જે મુજબ વાયબ્રન્ટ સમિટ અને અન્ય ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં ભાગ લેવા આવતા દેશ- વિદેશના મહાનુભાવોની અવરજવર વખતે ટ્રાફિક નિયમન માટે અને ટ્રાફિકની સમસ્યા નિવારી શકાય તે માટે આ સ્થળોની પસંદગી કરાઇ છે.આ પૈકી મોટાભાગના સ્થળો નવા વિકસિત વિસ્તારો અને વીવીઆઇપી મૂવમેન્ટ ધરાવતા માર્ગો પર આવેલા છે. મહાપાલિકા દ્વારા આ તમામ ૭ સ્થળોએ સરવે કરાવવામાં આવનાર છે.


# બાયોમેડિકલ વિભાગના વડા મૈત્રી દવેએ હાર્વર્ડમાં એક સપ્તાહનો લીડરશીપ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ સર્ટિફિકેશન પ્રોગ્રામ પૂર્ણ કર્યો

ગાંધીનગર સ્થિત ગવર્મેન્ટ પોલીટેકનિકના બાયોમેડિકલ વિભાગના ઈન્ચાર્જ હેડ મૈત્રી દવેએ પ્રતિષ્ઠિત હાર્વર્ડ મેડિકલ સ્કૂલ, બોસ્ટનમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે ગ્લોબલ બિઝનેસ સિમ્પોઝિયમ દ્વારા આયોજિત એક સપ્તાહના લીડરશીપ અને બિઝનેસ મેનેજમેન્ટ સર્ટિફિકેશન પ્રોગ્રામમાં સફળતાપૂર્વક ભાગ લીધો.આ પ્રવાસ દરમિયાન તેમણે હાર્વર્ડ જોન એ. પોલ્સન સ્કૂલ ઓફ એન્જિનિયરિંગની મુલાકાત લીધી. ત્યાં તેમણે બાયો ડિઝાઇન લેબમાં




એક્સો-સૂટ અને સ્માર્ટ મેડિકલ ડિવાઈસીસના નવીનતમ સંશોધનોનો અભ્યાસ કર્યો. વધુમાં, તેમણે હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ અને એમઆઈટી બોસ્ટનની પણ મુલાકાત લીધી.મૈત્રી દવેએ ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણના એડિશનલ ચીફ સેક્રેટરી શ્રીમતી સુનૈના તોમર (IAS) અને ટેક્નિકલ એજ્યુકેશન ડિરેક્ટર શ્રી બી. એચ. તલાટીનો આભાર માન્યો છે. તેમના આ અનુભવથી ગાંધીનગર પોલીટેકનિકના બાયોમેડિકલ વિભાગના વિદ્યાર્થીઓને લાભ થશે.

# સલમાન-આમિર ફરી એકવાર સાથે દેખાશે: અંદાજ અપના અપના રી-રિલીઝ થશે, નિર્માતાઓએ કરી જાહેરાત








બોલિવૂડની સુપરહિટ કોમેડી ફિલ્મ 'અંદાજ અપના અપના' ફરી મોટા પડદા પર રિલીઝ થવા જઈ રહી છે. નિર્માતાઓએ તેની જાહેરાત કરી છે. આ ફિલ્મમાં સલમાન ખાન અને આમિર ખાનની જોડીએ ફેન્સને ખૂબ હસાવ્યા હતા. ૧૯૯૪માં રિલીઝ થયેલી આ ફિલ્મ શરૂઆતમાં સારી કમાણી કરી ન હતી, પરંતુ પછીથી તેને ક્લાસિક કોમેડી તરીકે ગણવામાં આવી.૨૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ રિલીઝ થશે ફિલ્મ 'અંદાજ અપના અપના' ૨૫ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ફરીથી સિનેમાઘરોમાં રિલીઝ થશે. આની જાહેરાત કરતા નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર લખ્યું - 'પાગલપનને ફરીથી જીવવા માટે તૈયાર થઈ જાઓ.' 'અંદાજ અપના અપના' ૨૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રી-રિલીઝ થશે. આ ક્લાસિક ફિલ્મને ફરીથી મોટા પડદા પર જોવાની તક મળશે. તેને 4K અને ડોલ્બી ૫.૧માં રિસ્ટોર કરી અને ફરીથી માસ્ટર કરવામાં આવી છે. ટ્રેલર પણ ટૂંક સમયમાં રિલીઝ કરાશે. આ વખતે દર્શકોને આ ફિલ્મ પહેલા કરતાં વધુ સારી ક્વોલિટીમાં જોવા મળશે.આ ફિલ્મ કેમ ખાસ છે? રાજકુમાર સંતોષી દ્વારા ડિરેક્ટેડ, આ ફિલ્મમાં સલમાન ખાન (અમર) અને આમિર ખાન (પ્રેમ) ના શાનદાર કોમિક ટાઈમિંગનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ફિલ્મમાં કરિશ્મા કપૂર, રવિના ટંડન, પરેશ રાવલ અને શક્તિ કપૂર (ક્રાઈમ માસ્ટર ગોગો) દ્વારા પણ જોરદાર એક્ટિંગ કરવામાં આવી હતી. લોકોને હજુ પણ ફિલ્મના ડાયલોગ યાદ છે, જેમ કે - 'ક્રાઈમ માસ્ટર ગોગો, આંખે નિકાલ કર ગોટિયાં ખેલતા હૂં.'વર્ષો પછી સાથે જોવા મળ્યા હતા સલમાન અને આમિર 'અંદાજ અપના અપના' પછી, સલમાન અને આમિરે બીજી કોઈ ફિલ્મમાં સાથે કામ કર્યું નથી. જોકે, તાજેતરમાં જ તેઓ 'બિગ બોસ ૧૮' ના ફિનાલેમાં સાથે જોવા મળ્યા હતા. આ ઉપરાંત, આમિરે સલમાનની આગામી ફિલ્મ 'સિકંદર'ના પ્રમોશનમાં પણ ભાગ લીધો હતો.છેલ્લા કેટલાક મહિનાઓમાં, જૂની ફિલ્મોને થિયેટરોમાં ફરીથી રિલીઝ કરવાનો ટ્રેન્ડ વધ્યો છે. તાજેતરમાં 'રહેના હૈ તેરે દિલ મેં', 'તુમ્બાદ', 'જબ વી મેટ', 'લૈલા મજનુ' અને 'રોકસ્ટાર' જેવી ફિલ્મો ફરીથી મોટા પડદા પર બતાવવામાં આવી હતી.

## 'L2:એમ્પુરાન ફિલ્મના ૨૩ સીન પર કાતર ફરી:કેન્દ્રીય પ્રવાસન મંત્રીનું નામ હટાવાયું

મોહનલાલની ફિલ્મ 'L2: એમ્પુરાન'ને લગતા વિવાદો સમાપ્ત થવાનું નામ નથી લઈ રહ્યા. આ ફિલ્મ ૨૭ માર્ચે રિલીઝ થઈ હતી, જેમાં ગુજરાત રમખાણોના દ્રશ્યો બતાવવામાં આવ્યા છે. ફિલ્મ રિલીઝ થયા પછી તરત જ RSSએ ફિલ્મને હિન્દુ વિરોધી ગણાવીને તેનો વિરોધ શરૂ કર્યો. આ ફિલ્મ સેન્સર દ્વારા પાસ કરવામાં આવી હતી, જોકે વિરોધને કારણે સેન્સર બોર્ડે નિર્માતાઓને તેમાં ૧૭ કટ કરવાનું સૂચન કર્યું હતું. હવે તાજેતરના સમાચાર મુજબ, સેન્સરે નિર્માતાઓને ૧૭ ને બદલે ૨૪ કટ કરવા કહ્યું છે. નિર્માતાઓએ બોર્ડની સલાહ સ્વીકારી લીધી છે અને ફિલ્મમાં ફેરફારો કરવાનું શરૂ કરી દીધું છે.

RSSના વિરોધ બાદ, કેરળ સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા ફિલ્મને ફરીથી જોઈ અને ૧૭ કટ કર્યા. આમાં ગુજરાત રમખાણોના દ્રશ્યો, વિલનના નામ, મહિલાઓ પર ક્રૂર અત્યાચાર દર્શાવતા દ્રશ્યોનો સમાવેશ થતો હતો, પરંતુ હવે બોર્ડે તેમાં વધુ ૩ કાપ ઉમેર્યા છે. હવે ફિલ્મમાં ૨૩ ફેરફારો થશે.વર્તમાન ફિલ્મમાં એક ખાસ આભારની સ્લાઈડ છે, જેમાં કેન્દ્રીય પ્રવાસન રાજ્યમંત્રી સુરેશ ગોપીનું નામ હતું, જોકે, બોર્ડના સૂચનને પગલે, નિર્માતાઓ તેને દૂર કરી રહ્યા છે. ફિલ્મમાંથી સગર્ભાઓ પર થતી હિંસાના દ્રશ્યો પણ દૂર કરવામાં આવ્યા છે. ફિલ્મના વિલનનું નામ બજરંગીથી બદલીને બલદેવ કરવામાં આવ્યું છે. જે પણ દ્રશ્યમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી) નો ઉલ્લેખ છે તે દ્રશ્ય મ્યૂટ કરી દેવામાં આવ્યા છે.ફિલ્મના સહ-નિર્માતા એન્ટની પેરુમ્બવુરે આ મુદ્દે કહ્યું છે કે, બોર્ડના સૂચન પછી ફિલ્મને એડિટ કરવાનો નિર્ણય ટીમનો હતો. તેમણે કહ્યું છે કે, ખોટા વિષય પર ફિલ્મ બનાવવાનો તેમનો ઉદ્દેશ્ય નહોતો. તે કોઈ વિવાદ ઈચ્છતો નથી. આ ફેરફારો કરવા માટે તેના પર કોઈ દબાણ નહોતું. બધા ફેરફારો દર્શકોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા છે.જણાવી દઈએ કે, ૧ એપ્રિલે કેરળ હાઈકોર્ટમાં ફિલ્મની રિલીઝ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદારે ફિલ્મમાં ગુજરાત રમખાણોના દ્રશ્યો સામે વાંધો ઉઠાવ્યો હતો.

## ફલોપ સ્ટોરીએ સલમાનનું સ્ટારડમ ઝાંખું પાડી દીધું:આ સંકેત છે કે હવે ફિલ્મો ફક્ત સ્ટાર પાવર પર નહીં ચાલે

સલમાન ખાનની ફિલ્મ 'સિકંદર' ૩૦ માર્ચે ઈદના તહેવાર પર રિલીઝ થઈ હતી. ચાહકો અને બોલિવૂડને આ ફિલ્મ પાસેથી ઘણી અપેક્ષાઓ હતી, પરંતુ આ ફિલ્મ બોલિવૂડથી લઈને ચાહકો સુધી બધા માટે નિરાશાજનક સાબિત થઈ રહી છે. તેને વિવેચકો તરફથી નેગેટિવ રિવ્યૂ મળ્યા બાદ દર્શકોની સંખ્યા એટલી ઓછી થવા લાગી કે હવે ફિલ્મ રિલીઝના ત્રીજા દિવસે ઘણા થિયેટરમાંથી દૂર કરવામાં આવી રહી છે. આશ્ચર્યજનક વાત એ છે કે ૧૪ માર્ચે રિલીઝ થયેલી જોન



અબ્રાહમની ફિલ્મ 'ધ ડિપ્લોમેટ' ૩૦ માર્ચે રિલીઝ થયેલી ફિલ્મ 'સિકંદર' કરતાં વધુ ચર્ચામાં છે. આ એક સંકેત છે કે હવે ફિલ્મો ફક્ત સ્ટાર પાવર પર નહીં ચાલે, પરંતુ વાર્તા, પટકથા અને કાસ્ટિંગ જેવા મહત્ત્વ પૂર્ણ પરિબળો પર પણ આધાર રાખશે. 'સિકંદર' ફિલ્મે લોકપ્રિય દિગ્દર્શક એઆર મુરુગદાસનો ટ્રેક રેકોર્ડ પણ બગાડ્યો છે, જેઓ આ અગાઉ 'ગજની' અને 'સ્પાયડર' જેવી ફિલ્મો આપી ચૂક્યા છે. ચાહકોને ફિલ્મમાં નવીનતાનો અભાવ સૌથી વધુ ખટકી રહ્યો છે, કારણ કે 'સિકંદર' જેવી જ વાર્તાઓ 'કિસી કા ભાઈ કિસી કી જાન', 'અંતિમ', 'રાધેમાં' બતાવવામાં આવી છે.

# દ્વારકાધીશનો ફોટો આપનારા બાળાઓને વનતારાનું આમંત્રણ:અનંતે કહ્યું- બધા ચોક્કસથી આવો, પદયાત્રામાં જાહ્નવી કપૂરનો BF જોડાયો; છઠ્ઠા દિવસે ૬૦ કિમીનું અંતર કાપ્યું







રિલાયન્સ ગ્રુપના અનંત અંબાણીની દ્વારકાની પદયાત્રાનો આજે છઠ્ઠો દિવસ છે. રાત્રે ત્રણ વાગ્યે તેમણે સોનરડી ગામના પાટિયા પાસેથી પદયાત્રા શરૂ કરીને સવારે આઠ વાગ્યે ગુરગઢ ગામના પાટિયા પાસે પૂરી કરી. છ દિવસમાં અનંત અંબાણીએ ૬૦ કિલોમીટર જેટલું અંતર કાપ્યું છે. આજે મહિલાઓએ કંકુ તિલક કરીને અનંત અંબાણીનું સ્વાગત કર્યું હતું, જ્યારે બાળાઓએ દ્વારકાધીશનો ફોટો આપીને વનતારા આવવાનું કહેતાં અનંતે કહ્યું કે તમે બધા ચોક્કસથી વનતારા આવજો. પદયાત્રામાં એક્ટ્રેસ જાહ્નવી કપૂરના બોયફ્રેન્ડ અને બિઝનેસમેન શિખર પહાડિયાએ બધાનું ધ્યાન ખેંચ્યુ હતું.

છેલ્લા છ દિવસથી એટલે કે ૨૮ માર્ચથી અનંત અંબાણી રિલાયન્સ ટાઉનશિપ-વનતારાથી દ્વારકાની પદયાત્રા કરી રહ્યા છે. અનંત અંબાણીની પદયાત્રા દરમિયાન માર્ગ પર મોટી સંખ્યામાં બાળકો, મહિલાઓ, યુવાનો તેમજ વડીલો અનંત અંબાણીની ઝલક જોવા માટે કલાકો સુધી રાહ જોતા જોવા મળે છે અને હર્ષભેર સ્વાગત કરે છે. આજે છઠ્ઠા દિવસે મહિલાઓએ કંકુ-તિલક, ચોખા અને બાળકોએ દ્વારકાધીશનો ફોટો આપી અનંત અંબાણીનું સ્વાગત કર્યું હતું.

અનંત અંબાણીની પદયાત્રાના છઠ્ઠા દિવસે બાળાઓએ અનંત અંબાણીને વનતારાની વિઝિટ કરવાનું કહ્યું તો અનંત અંબાણીએ સામે જવાબ આપતા કહ્યું કે, તમે બધા આવો તમને વનતારાની વિઝિટ કરાવીશ. આ દરમિયાન નિધિ દાવડા નામની એક બાળકીએ અનંત અંબાણીને એક કવર આપ્યું હતું અને કહ્યું હતું કે, આમાં અમારાં માતા-પિતાનો કોન્ટેક નંબર છે. તમે આમાં કોન્ટેક કરીને અમને વનતારાની મુલાકાત કરવા બોલાવજો. ત્યારે અનંત અંબાણીએ કવર સ્વીકારીને હસતાં હસતાં ચોક્કસ બોલાવવાનું વચન આપ્યું હતું. આ ઉપરાંત અનંત અંબાણીએ બાળાઓને નાસ્તો આપ્યો હતો.

અનંત અંબાણી પદયાત્રામાં હનુમાન ચાલીસા, શ્રીરામ જય રામ..જયજય રામ... ગાયત્રીના પાઠ, હરહર મહાદેવ, જય દ્વારકાધીશના નારાઓ બોલતા જાય છે અને પદયાત્રા કરતા જાય ત્યારે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે. રસ્તામાં તેઓ તમામ બાળકો, વડીલો અને યુવાનોને પ્રસાદી રૂપે નાસ્તો, ઠંડું પીણું અને ફ્રુટ સહિતની વસ્તુઓ પણ સતત આપતા રહે છે. ખાસ કરીને નાનાં બાળકો અનંત અંબાણીને જોવા માટે મોડી રાતથી વહેલી સવાર સુધી રસ્તા ઉપર જોવા મળે છે અને અનંત અંબાણીને જોઈને જય દ્વારકાધીશ...જય દ્વારકાધીશના નારા લગાવે છે.અનંત અંબાણી રોજ જ્યાં પદયાત્રા પૂરી કરે ત્યાંથી વનતારા પરત ફરે છે અને બીજા દિવસે ત્યાંથી યાત્રા શરૂ કરે છે. જેઓ રાત્રે ત્રણ વાગ્યાથી સવારે ૮ વાગ્યા સુધી ચાલે છે, જેમાં અંદાજિત ૧૦-૧૧ કિલોમીટર જેટલું અંતર કાપે છે. અનંત અંબાણી યાત્રા શરૂ કરે ને પૂરી કરે એ દરમિયાન વચ્ચે કોઇ આરામ કરતા નથી.

## ઉત્તરાખંડમાં ઘણા સ્થળોના નામ બદલવામાં આવ્યા

દહેરાદૂન,

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જાહેરાત કરીને કહ્યું હતું કે, રાજ્યના ચાર જિલ્લામાં ૧૧ જેટલી જગ્યાઓના નામ બદલવામાં આવ્યા છે. તેમાં હરિદ્વારમાં પાંચ, દેહરાદૂનમાં ત્રણ, નૈનીતાલમાં બે અને ઉધમ સિંહ નગરમાં એક સ્થાન સામેલ છે. આ સ્થળોનું નામ હિન્દુ પ્રતીકો, પૌરાણિક પાત્રો અને અગ્રણી ભાજપ અને આરએસએસ નેતાઓના નામ પરથી રાખવામાં આવ્યું છે. કેટલાક નવા નામો પણ ઐતિહાસિક વ્યક્તિઓના નામ પરથી રાખવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી દ્વારા શેર કરવામાં આવેલી યાદી અનુસાર, હરિદ્વારના ઔરંગઝેબપુરનું નામ બદલીને શિવાજી નગર, ગાઝીવાલીને આર્ય નગર, ચાંદપુરનું નામ બદલીને જ્યોતિબા ફૂલે નગર, મોહમ્મદપુર જાટનું નામ બદલીને મોહનપુર જાટ, ખાનપુરનું નામ બદલીને શ્રી કૃષ્ણપુર,  નંદપુર અને અકબરપુર ફાજલપુરનું નામ બદલીને વિજયનગર રાખવામાં આવ્યું છે.

દેહરાદૂન જિલ્લામાં મિયાંવાલા હવે રામજીવાલા, પીરવાલા હવે કેસરી નગર, ચાંદપુર ખુર્દ હવે પૃથ્વીરાજ નગર અને અબ્દુલ્લાપુર હવે દક્ષ નગર કહેવાશે. એ જ રીતે, નૈનીતાલ જિલ્લામાં નવાબી રોડનું નામ બદલીને અટલ માર્ગ અને વોટરમિલ-આઈટીઆઈ માર્ગનું નામ બદલીને ગુરુ ગોલવલકર માર્ગ કરવામાં આવ્યું છે.

# ધોરણ ૯-૧૧ ની વાર્ષિક પરીક્ષાનો ટાઈમ-ટેબલ બદલાયો, હવે ૧૨મીની જગ્યાએ ૨૧મીએ પરીક્ષા



ગુજરાત શિક્ષણ બોર્ડના એકેડેમિક કેલેન્ડર રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની તમામ સ્કૂલોમાં ધો. ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાઓ ૭ એપ્રિલથી શરૂ થઈ રહી છે. ત્યારે ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષામાં ફેરફાર કરાયો છે. જે મુજબ ૧૨ એપ્રિલે લેવાનારી પરીક્ષા હવે ૨૧ એપ્રિલે લેવાશે.ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પરીક્ષામાં ફેરફાર કરવામા આવ્યો છે. જે મુજબ જે પરીક્ષા ૧૨ એપ્રિલે લેવાની હતી તે હવે ૨૧ એપ્રિલે લેવામાં આવશે. રાજ્યભરના તમામ જિલ્લાના કુલ મળીને ૨૫૫૩ કેન્દ્રોમાં બપોરના ૧૨ થી ૨:૩૦ દરમિયાન લેવામા આવશે. આ કેન્દ્રો સ્કૂલોમાં જ રાખવામાં આવે છે.બીજી બાજુ રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ૭ એપ્રિલથી ધો. ૯ અને ૧૧માં વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. આમ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પરીક્ષાને લઈને વાર્ષિક પરીક્ષામાં મુશ્કેલી ઉભી થતી હોવાથી ગુજરાત બોર્ડ દ્વારા સ્કૂલોની વાર્ષિક પરીક્ષામાં ફેરફાર કરવામા આવ્યો છે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા તમામ ડીઈઓને પરિપત્ર કરીને ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષામાં ફેરફાર બાબતે જાણ કરવામા આવી છે. જે મુજબ શાળાકીય પરીક્ષાનો વિષયવાર કાર્યક્રમ તેમજ પ્રશ્નપત્રો શાળા વિકાસ સંકુલ દ્વારા અથવા સ્કૂલ કક્ષાએ નિયત કરવામા આવે છે. જેથી રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં પરીક્ષાને લઈને એક સૂત્રતતા જળવાય તે માટે ધો.૯ અને ૧૧ની ૧૨ એપ્રિલની શાળાકીય વાર્ષિક પરીક્ષા ૨૧ એપ્રિલના રોજ લેવાની રહેશે. ધો.૯ અને ૧૧માં અંદાજે ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ રાજયની સરકારી,ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોમાં છે.

# પે-ટીએમ સાઉન્ડ બોક્સ ફ્રી થયાનું કહી હજારો વેપારી સાથે કરોડોની ઠગાઈ, અમદાવાદમાં ૬ની ગેંગ ઝડપાઈ

અગણિત વેપારીઓ હવે ઓનલાઈન પેમેન્ટ માટે સાઉન્ડ બોક્સ વાપરતાં થયાં છે. અમદાવાદ સહિત ગુજરાતના હજારો વેપારીઓ, લારીવાળાને પે-ટીએમ (Paytm) સાઉન્ડ બોક્સ ફ્રી થયાનું કહી અને નવી સ્કીમ ચાલુ કરવા માટે એક રૂપિયો ટ્રાન્સફર કરવાના બહાને છેતરી બેન્ક ખાતાં ખાલી કરી નંખાયા હતા. મુળ રાજસ્થાન અને પાટણના રહીશ અને અમદાવાદમાં રહીને છેતરપિંડી કરતા ૬ શખસને સાયબર ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડયા છે. અમદાવાદના વાસણા સહિત રાજ્યના અનેક વેપારીના પૈસા સેરવી લેનાર ટોળકીનો સૂત્રધાર પે-ટીએમનો જુનો કર્મચારી છે.પે-ટીએમ સાઉન્ડ બોક્સના નામે રાજ્યના વેપારીઓ સાથે છેતરપિંડી આચરનાર અમદાવાદની ટોળકીને સાયબર




ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડી છે. આ ટોળકીનો સૂત્રધાર કડીના મોકાસણ ગામનો અને હાલ રાણીપના સાનિધ્ય એપાર્ટમેન્ટમાં રહેતો ૩૦ વર્ષીય બ્રિજેશ પટેલ અગાઉ પેટીએમમાં કામ કરી ચૂક્યો છે. બ્રિજેશે અન્ય સાગરિતો રાજસ્થાનના વતની અને શાહપુરમાં રહેતા ગોવિંદ લાલચંદ ખટીક, જુના વાડજના રહીશ પરાગ ઉર્ફે રવી મિસ્ત્રી, ડીલક્ષ ઉર્ફે ડબુ સુથાર, પ્રિતમ સુથાર ઉપરાંત વિસનગરમાં રહેતા રાજ પટેલને પકડી પાડયા છે.

સૂત્રધાર બ્રિજેશ પટેલે ધોરણ ૧૦ પછી આઈટીઆઈમાં અભ્યાસ કર્યો હતો. પે-ટીએમમાં સેલ્સ માર્કેટિંગનું કામ કરતો હતો. આ દરમિયાન કેટલાક ગ્રાહકો પાસેથી છેતરપિંડી કરી પૈસા મેળવ્યાનું ખુલતાં કંપનીમાંથી કાઢી મુકાયો હતો. વર્ષ ૨૦૨૨થી પે-ટીએમ કંપનીના અન્ય કર્મચારી સાથે મળી ગેંગ બનાવીને શરૂઆતમાં અમદાવાદ પછી રાજ્યના જુદા જુદા વિસ્તારમાં વેપારીઓને ટાર્ગેટ કર્યા હતા. પે-ટીએમના સાઉન્ડ બોક્સ ધરાવતા વેપારી, દુકાનદારોને મહિને ૯૯ રૂપિયા ભાડાને બદલે સાઉન્ડ બોક્સ ફ્રી થયાનું જણાવતા હતા. માત્ર એક રૂપિયો ટ્રાન્સફર કરવાનો છે તેમ કહી વેપારીના મોબાઈલ ફોનમાંથી પેમેન્ટ કરાવતા હતા. બાદમાં, દુકાનદારના જ મોબાઈલ ફોનમાંથી પે-ટીએમ રિકવેસ્ટ માટેનો ઈ-મેઈલ કરવાનો છે તેમ કહી સાગરિત પાસેથી ક્યુઆર કોડ મેળવી વેપારીના મોબાઈલ ફોનથી જ નાણાં સેરવી લેતા હતા. આ દરમિયાન આવતાં ઓટીપી અને ટ્રાન્ઝેક્શનના મેસેજ ડીલીટ પણ કરી દેતા હતા. આ પ્રકારે અમદાવાદ સહિત ગુજરાતના ૫૦૦થી વધુ વેપારીઓના બેન્ક ખાતાંઓમાંથી કરોડો રૂપિયાની હેરાફેરી અંગે સાયબર ક્રાઈમ બ્રાન્ચ વધુ તપાસ કરે છે.બ્રિજેશ અને તેની ટોળકી વર્ષ ૨૦૨૨થી પે-ટીએમ કંપનીના અન્ય ત્રણ કર્મચારીઓ સાથે સક્રિય હતી. અમદાવાદ સહિત ગુજરાતમાં વેપારીઓ પાસે જઈને પેટીએમ સાઉન્ડ બોક્સ ધરાવતા દુકાનદારને ફ્રી સાઉન્ડ બોક્સ કરવાનું કહી પે-ટીએમ સ્કેનરમાં એક રૂપિયો સ્કેન કરવાનું કહેતા હતા. વેપારી એક રૂપિયા ટ્રાન્સફર કરે ત્યારે પાસવર્ડ જોઈ લેતા હતા. આ પછી કંપનીમાં ઈ-મેઈલ કરવો પડશે તેમ કહીને વેપારીનો મોબાઈલ ફોન લઈને યુપીઆઈ આઈડી ખુલ્લું હોય તેમાં બેલેન્સ જોઈ લેતાં હતાં. બીજી તરફ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરવા તૈયાર સાગરિત પાસેથી ક્યુઆર કોડ મેળવીને પૈસા ટ્રાન્સફર કરી લેતાં હતાં. આ પૈસા ગેમિંગ એપ્લિકેશનમાં મોકલી દેવાતાં હતાં. થોડી ગેમ રમી બાકી પૈસા ડમી એકાઉન્ટમાં મોકલી દઈ ઉપાડી લેવામાં આવતાં હતા. ડમી બેન્ક એકાઉન્ટ ધારકને ૩૦ ટકા રકમ આપતાં અને ૭૦ ટકા રકમ રાખતી ટોળકી વેપારીઓને કરોડોનો ચૂનો ચોપડી ચૂકી છે. આ સમયે ડેબીટ કાર્ડ લેવા માટે વેપારી તૈયાર થઈ જાય તો ઠગાઈનો બીજો રાઉન્ડ થતો હતો. ડેબીટ કાર્ડ આવી જાય તો ફરી વેપારી પાસે જઈને ડેબીટ કાર્ડના પૈસા પણ આ પ્રકારે જ ટ્રાન્સફર કરી લેવામાં આવતાં હતાં.

# રાજકોટની હચમચાવતી ઘટના : ચાલુ ટ્રેનમાંથી મુસાફરે પાણીની બોટલ ફેંકી, તરુણને છાતીમાં વાગતા મોત

રાજકોટના શાપરમાંથી ગઈ કાલે પસાર થયેલી ટ્રેનમાં સવાર એક મુસાફરે જોરથી બહાર પાણીની બોટલ ફેંકી હતી, જે સીધી છાતીમાં વાગતાં તરૂણ મૃત્યુ નીપજયું હતુ. શાપર પોલીસે અજાણ્યા મુસાફર સાથે બેદરકારીથી મૃત્યુ નીપજાવવાની કલમ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.મૂળ મધ્યપ્રદેશનાં સંતોષભાઈ ગોડઠાકર શાપરનાં ગણેશનગર વિસ્તારમાં રહે છે અને કારખાનામાં મજૂરી કરે છે. તેનો ૧૪ વર્ષનો પુત્ર બાદલ ગઈકાલે બપોરે અન્ય ચારથી પાંચ મિત્રો સાથે શાપરમાં આવેલા મસ્કત ફાટક તરીકે ઓળખાતા વિસ્તારમાં ગયો હતો, જયાંથી પસાર થતાં રેલવે ટ્રેક નજીક બાદલ અને તેનાં મિત્રો બેઠા હતાં. બપોરે પોણા ત્રણ વાગ્યાની આસપાસ વેરાવળ - બાંદ્રા ટ્રેઈન પસાર થઈ હતી. જેમાં બેઠેલા અજાણ્યા મુસાફરે



જોરથી પાણીની બોટલ બહાર ફેંકી હતી. જે સીધી બાદલની છાતીનાં ભાગે વાગતાં તે ત્યાં જ ઢળી પડયો હતો.

શરૂઆતમાં પોલીસને હાર્ટએટેકથી મોત નીપજવાની શંકા ગઈ હતી. જેનું સમાધાન કરવા પોલીસે સીસીટીવી ફૂટેજ જોતા ચાલુ ટ્રેનમાંથી એક મુસાફરે ફેંકેલી પાણીની બોટલ છાતીમાં વાગતા બાદલ ઢળી પડયાનું જોવા મળ્યું હતું. જેથી શાપર પોલીસે રાજકોટમાં ફોરેન્સિક નિષ્ણાંત તબીબો પાસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જેમણે એવો અભિપ્રાય આપ્યો હતો કે હૃદયનો ભાગ ખૂબ જ સંવેદનશીલ હોય છે. જયાં કોઈ વજનદાર વસ્તુ પ્રેશરથી વાગે તો મૃત્યુ થઈ શકે છે. આ કિસ્સામાં પણ તેમ જ થયાનું જણાય છે. પરિણામે શાપર પોલીસે અજાણ્યા મુસાફર સાથે બેદરકારી દાખવી, મૃત્યુ નિપજાવાની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. આરોપી મુસાફરની ઓળખ મેળવવા પોલીસે તજવીજ શરૂ કરી છે. મૃતક બાદલ ધો.૫માં અભ્યાસ કરતો હતો.

# સતત ત્રીજા નાણાંકીય વર્ષે અલંગમાં ભંગાણ અર્થે આવતા જહાજોની સંખ્યા ઘટી



ભાવનગર : ભાવનગરની આર્થિક કરોડરજ્જૂ ગણાતા શિપ રિસાયકલિંગ ઉદ્યોગમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધા ઉપરાંત બીઆઈએસનો કાયદો અમલી હોવાથી શિપ બ્રેકરો વધારે સંખ્યામાં શિપ લાવવાનું સાહસ કરતા નથી અને તેના કારણે સતત ત્રીજા નાણાંકીય વર્ષમાં અલંગમાં આવતા શિપની સંખ્યામાં ઘટાડો થયો છે. માર્ચ-૨૦૨૪માં ૧૧ શિપ અને ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન અલંગમાં માત્ર ૧૧૩ શિપ ભંગાણાર્થે આવ્યા છે.

અલંગ શિપ બ્રેકિંગ યાર્ડમાં ભંગાણાર્થે આવતા શિપોમાંથી નિકળતી લોખંડની પ્લેટોમાંથી રોલિંગ મિલો ટીએમટી સળિયા બનાવતી હતી અને તેના કારણે સિહોર અને તેની આજુબાજુના વિસ્તારમાં રિ-રોલિંગ મીલ ઉદ્યોગ વિકસ્યો છે. પરંતુ ૧લી ઓકટોબર ૨૦૧૪થી બીઆઈએસનો કાયદો અમલી થયો જેમાં અલંગમાં આવતા શિપોમાંથી નિકળતી પ્લેટોમાંથી ટીએમટી સળિયા બનાવવા પર પ્રતિબંધ લાગતા રોલિંગ મીલોમાં અલંગની લોખંડની પ્લેટોની જે મોટી માંગ હતી તે ઘટી ગઈ, ઉપરાંત દક્ષિણ એશિયામાં બાંગ્લાદેશ અને પાકિસ્તાન સાથેની સ્પર્ધાના લીધે અલંગમાં આવતા શિપોની સંખ્યામાં સતત ઘટાડો થયો છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ઉતાર-ચડાવ ઉપરાંત દેશના આંતરિક બજારમાં સ્ક્રેપની માંગમાં ધરખમ ઘટાડો થવાથી શિપ બ્રેકરો પણ વધારે શિપ લાવવા અચકાય રહ્યાં છે અને તેના લીધે હવે અલંગના શિપ બ્રેકરો જરૂરિયાત પ્રમાણે સિમિત સંખ્યામાં શિપ લાવી રહ્યાં છે અને તેની સીધી અસર અલંગમાં આવતા શિપની સંખ્યા પર પડી રહી છે. સતત ત્રીજા નાણાંકીય વર્ષમાં અલંગમાં આવતા શિપની સંખ્યામાં ઘટાડો થયો છે. માર્ચ-૨૦૨૪માં અલંગમાં ૧૧ શિપ આવ્યા છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન અલંગમાં માત્ર ૧૧૩ શિપે પોતાની આખરી સફર ખેડી છે ત્યારે યુરોપિયન યૂનિયનની માન્યતા ઉપરાંત બીઆઈએસનો કાયદો હળવો બને તો ફરી અલંગમાં મંદીના વાદળો હટશે તેવી આશા સેવાઈ રહી છે.

# ભાઈ હોય તો આવો! બહેનના સ્મરણાર્થે ૯૨ વિધવા બહેનોને જાત્રા કરાવી

મહિસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના ખુટેલાવ ગામનાના સેવાભાવી દાતા પરિવાર દ્વારા પ્રેરણારૂપ પુણ્યકાર્ય સ્વજનની સ્મૃતિમાં કરવામાં આવ્યું છે. પુણ્યકાર્યનો લાભ મળતાં ગામમાં ૯૨ વિધવાઓને દેશના મુખ્ય યાત્રાધામની યાત્રાનો લાભ મળ્યો છે.સાથે સાથે આ પરિવારે શબવાહિનીનું પણ દાન કરવામાં આવ્યુ છે.

ખુટેલાવ ગામના કાંતિભાઈ રેવાભાઈ પટેલની કુંભરવાડી ગામે રહેતી પરિણીત બહેન મંગુબેન (ઉ.વ.૫૮) નું બ્રેઈન હેમરેજના કારણે સાત મહિના પહેલા અકાળે અવસાન થયું હતું. મંગુબેનના મૃત્યુ બાદ બે કિડની, બે આંખ અને લીવર મળી ૫ અંગોનું અંગદાન પણ કરાયુ હતું. સ્વર્ગસ્થ બહેન મંગૂબેનની સ્મૃતિમાં ભાઈ કાંતિભાઈ પટેલે સેવાયજ્ઞ કરવાનો



વિચાર કર્યો અને તેનો અમલ પણ કર્યો.

સેવાયજ્ઞના ભાગરૂપે વિધવા બહેનો માટે ૧૫ દિવસીય પવિત્ર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૯૨ વિધવા બહેનોને શામળાજી, ગોકુલ, મથુરા, અયોધ્યા, હરિદ્વાર, ષિકેશ, કાશી, ઉજ્જૈન સહિતના પવિત્ર ધામોના દર્શન કરીને દિવ્ય અનુભૂતિ મેળવી હતી. ૧૫ દિવસીય ઉત્તરભારત યાત્રા સુખ, શાંતિ અને આનંદભેર પૂર્ણ થઈ હતી. યાત્રા સમાપન સાથે, કાન્તિભાઈ પટેલ દ્વારા દેગમડા ગામના મહિસાગર મોક્ષધામમાં રૂ.૧૫ લાખની એક શબવાહિની દાન આપવામાં આવી હતી. દેગમડા ગામના મોક્ષધામમાં આસપાસના ૧૫ થી ૨૦ કિ.મી. વિસ્તારના ૩ તાલુકાના ગામડા લોકો અહી અંતિમ વિધિ માટે આવે છે.

# ભરૂચ પોલીસ દ્વારા મૃતકની ઓળખ કરવામાં આવી; ૨૯મી માર્ચે ગુમ થયાની ફરિયાદ પણ નોંધવામાં આવી હતી

ભરૂચ,

ભરૂચના ભોલાવ વિસ્તારમાં દૂધધારા ડેરી નજીક ૨૯મી માર્ચે ગટરમાંથી અજાણી વ્યક્તિનું કપાયેલું માથું મળી આવ્યું હતું. બીજા દિવસે (૩૦ માર્ચે) થોડે દૂર ગટરમાંથી અન્ય અંગ મળ્યા હતા. ત્યારેબાદ ૩૧મી માર્ચે ગટરમાંથી માનવ મૃતદેહનો હાથ મળી આવ્યો હતો. આ મામલે પોલીસ દ્વારા ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવતા આ માનવ શરીરના અંગોના રહસ્યનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. આ માનવ અંગો શ્રવણ ચોકડી નજીક રહેતા સચિન ચૌહાણના હોવાનું સામે આવ્યું છે. અલગ અલગ સ્થળો પરથી મળી આવેલ માનવ શરીરના અંગો દહેજની ખાનગી કંપનીમાં નોકરી કરતો અને શ્રવણ ચોકડી પાસે રહેતા સચિન ચૌહાણના હોવાનું સામે આવ્યું હતું. મૃતક ગુમ થયાની ફરિયાદ પણ ૨૯મી માર્ચે નોંધાયેલ હતી.

ઉલ્લેખનીય છે કે, સતત ત્રણ દિવસથી માનવ શરીરના અંગો મળવાની ઘટનાથી પોલીસ પણ દોડતી થઈ હતી. ક્રૂરતાપૂર્વક હત્યા કરી પોલીસને ગુમરાહ કરવા શરીરનાં અંગો કાપી અલગ-અલગ સ્થળે નાખ્યા હોવાના પ્રાથમિક તારણ સાથે પોલીસે તપાસ હાથ ધરી હતી.

સાસરીમાં લગ્ન પ્રસંગ હોવાથી ૧ માર્ચ ૨૦૨૫ નાં રોજ મૃતક સચિન ચૌહાણ, પત્ની પારુલબેન અને દીકરા સાથે ઉત્તર પ્રદેશ ખાતે વતનમાં ગયા હતા. જ્યાંથી મૃતક સચિને તેની પત્ની અને દીકરાને પિતાનાં ઘરે મૂકી પોતે ભરૂચ જવાનો હતો. પરંતુ, ભરૂચ ન પહોંચતા ફરિયાદીએ તપાસ આદરી હતી. દરમિયાન, મૃતકનાં ઘર પાસેથી ગટરમાંથી માનવ અંગ મળ્યા હોવાની જાણ થતાં મોહિત ચૌહાણને થતા તેઓ ભરૂચ આવ્યા હતા. માનવ અંગો પૈકી હાથની કોણી નીચેનાં ભાગ પર સચિન નામનું છૂંદણું કે જેને નાશ કરવામાં આવ્યું હતું પરંતુ, નામની બાજુમાં ત્રણ ટપકા પરથી ઓળખ થતા મૃતક સચિન ચૌહાણ હોવાનો ખુલાસો થયો હતો. હાલ ભરૂચની ઈલાબેન બીપીન રાજનાં મકાનમાં હરિધામ સોસાયટી તુલસીધામમાં રહેતા શૈલેન્દ્રસિંગ વિજય ચૌહાણે હત્યા કરી હોવાની શંકાના આધારે પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપીની ધરપકડનાં ચક્રોગતિમાન કર્યા છે.

# વડોદરામાં ભીમનાથ તળાવ ફરી મૂળ સ્વરૂપે થતા પરશુરામ ભઠ્ઠા વિસ્તારમાં ભરાતા પૂરના પાણીની સમસ્યાનો નિકાલ

વડોદરા,

વડોદરા શહેરમાં ચોમાસાની ઋતુ દરમિયાન વિશ્વામિત્રી નદીમાં બે વાર આવેલા ભયાનક પૂર પછી નદીને પહોળી અને ઊંડી કરવાના લેવાયેલા નિર્ણય બાદ કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે જેથી લોકોની તકલીફોમ ઘટાડો થાય, જેમાં જેતલપુર બ્રિજ નજીક પરશુરામ ભઠ્ઠા પાસે આવેલા અડધા ઉપરાંત ભીમનાથ તળાવને એના કે એના પૂરી દેવામાં આવ્યું છે. આ તળાવને પુનઃ મૂળ સ્વરૂપે લાવવાની કામગીરી શરૂ કરાતા સ્થાનિક રહીશોને ચોમાસા અને વિશ્વામિત્રીમાં પૂરના સમયે વિસ્તારમાં પ્રવેશતા વરસાદી પાણીથી મુક્તિ મળશે.

જો કે ગત ચોમાસાના ઓગસ્ટ મહિનામાં બે વખત શહેરમાં વિશ્વામિત્રી નદીના પૂર ફરી વળ્યા હતા. દરમ્યાન સયાજીગંજ પરશુરામ ભઠ્ઠા વિસ્તારના ભીમનાથ તળાવમાં પણ વરસાદી પાણી ભરાતા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. પાણી ભરાવાનું મૂળ કારણ ભીમનાથ તળાવનું યેન કેન પુરાણ થયું હતું. પરંતુ હવે આ બાબત ધ્યાનમાં આવી હતી ત્યારે ભીમનાથ તળાવને તેના મૂળ સ્વરૂપે પાછું લાવવાના ઈરાદે કામગીરી શરૂ થઈ હતી અને માત્ર ૨૦ દિવસમાં આ કામગીરી પૂરી થવાનું ટાર્ગેટ હતું પરંતુ ટાર્ગેટથી ડબલ દિવસો વીતી જવા છતાં હવે કામગીરી પૂર્ણતાના આરે છે ત્યારે પરશુરામ ભઠ્ઠા વિસ્તારના રહીશોને આ બાબતથી રાહત મળવાની શક્યતા નકારી શકાતી નથી.

# મોરબીમાં મચ્છુ ડેમ ૨ના દરવાજા રીપેરીંગ માટે ખોલવામાં આવશે

મોરબી,

મોરબીમાં મચ્છુ ૨ ડેમનાં ૨ દરવાજા આજે ૨ ફુટ ખોલવામાં આવશે. ૧૩૦૦ ક્યુસેકથી તબક્કા વાર ૩૫૦૦ ક્યુસેક સુધી પાણી છોડવામાં આવશે. મોરબી તાલુકાના ૨૦ અને માળિયાના ૯ ગામોને એલર્ટ કરાયા છે.

મોરબીનો જીવાદોરી સમાન મચ્છુ ૨ ડેમ રીપેરીંગકામ માટે ખાલી કરવામાં આવશે. આવતીકાલથી તબક્કાવાર ડેમ ખાલી કરવાની શરૂઆત કરાશે. આવતીકાલે બપોરે ૪ વાગ્યે બે દરવાજા બે ફૂટ ખોલી ૧૩૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવશે. બાદમાં તબકકાવાર વધારીને ૩૫૦૦ ક્યુસેક પ્રવાહ પાણી છોડવામાં આવશે. મોરબી તાલુકાના ૨૦ અને માળીયા તાલુકાના ૯ ગામોને એલર્ટ અપાયું છે.મોરબી તાલુકાના, જોધપર, લીલાપર, ભડીયાદ, ટીંબડી, ધરમપુર, રવાપર, અમરેલી, વનાળીયા, ગોર ખીજડીયા, માનસર, નવા સાદુલકા, જુના સાદુલકા,રવાપર, ગુંગણ, નારણકા, બહાદુરગઢ, જુના નાગડાવાસ, નવા નાગડાવાસ, સોખડા, અમરનગરનો સમાવેશ થાય છે. માળીયા તાલુકાના વીરપરડા, દેરાળા, નવાગામ, મેધપર, હરીપર, મહેન્દ્રગઢ, ફતેપુર, સોનગઢ, માળીયા (મી) ગામોને સાવચેત રહેવા અને નદીના પટમાં અવર જવર ના કરવા સૂચના અપાઈ છે.

મોરબીના જોધપર, લીલાપુર, ભડીયાદ, ટીંબડી,ધરમપુર, નવાં સાદુળકા ગામ સહિત ૨૦ ગામો એલર્ટ કરવામાં આવ્યા છે. માળિયાના વીરવદરકા,દેરાળા, નવાં ગામ,મેઘપર હરીપર સહિત ૯ ગામો એલર્ટ કરાયા છે. મચ્છુ ડેમ ૨ના ગેટના દરવાજા રીપેરીંગ માટે ડેમ ખાલી કરાશે. તમામ ગામોનાં સરપંચોને જાણકારી આપીને એલર્ટ કરાયા છે. ડેમ હેઠવાસના ગામોનાં લોકોને નદીનાં પટમાં અવરજવર નહીં કરવા અપીલ કરવામાં આવી છે.

# બનાસકાંઠામાં કેનાલમાં કાર ખાબકતાં ૪ના મોત, ૩ બાળકો એક પુરુષની મળી લાશ



ગુજરાતના બનાસકાંઠામાં નર્મદાની મુખ્ય કેનાલમાં કાર ખાબકી હોવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં કારમાં સવાર ત્રણ બાળકો સહિત ચાર લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. જ્યારે એક મહિલાની શોધખોળ ચાલી રહી છે. સમગ્ર ઘટનાને પગલે થરાદ નગરપાલિકાની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે.

બનાસકાંઠામા વાવના દેવપુરા નજીક નર્મદા કેનાલમાં કાર ખાબકતાં ૪ના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં ૩ બાળકો એક પુરુષનો મૃતદેહ કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, કારમાં સવાર પરિવાર દિયોદરના ભેંસાણા ગામે માતાજીના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે અચાનક કાર રોડની સાઈડમાં ઉતરી જતાં કેનાલમાં ખાબકી હતી. સમગ્ર ઘટનાને પગલે પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. આ દુર્ઘટનામાં એક મહિલાની હજુ શોધખોળ ચાલી રહી છે.

# નર્મદે હર ના નાદ સાથે આગળ વધી રહી છે પંચકોષી નર્મદા પરિક્રમા

નાંદોદ તાલુકાના રામપુરાથી તિલકવાડા ઘાટ વચ્ચે વહેતી ઉત્તરવાહિની માં નર્મદાની પંચકોશી પરિક્રમા અર્થે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત દેશના વિવિધ પ્રાંતમાંથી શ્રદ્ધાળુઓ પરિક્રમા અર્થે ઉમટી રહ્યાં છે. તા. ૨૯મી માર્ચથી શરૂ થયેલી પરિક્રમા ''નર્મદે હર'' ના નાદ સાથે શાંતિપૂર્ણ માહોલમાં આગળ વધી રહી છે. ત્યારે પરિક્રમાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદીની રાહબરીમાં વહીવટી તંત્ર દ્વારા તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. શ્રદ્ધાળુઓ નર્મદાના ચારેય ઘાટ અને પરિક્રમા રૂટ પર ઉભી કરાયેલી સુવિધાઓથી આનંદ સાથે સંતોષની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. મહારાષ્ટ્રના મુંબઈથી પરિક્રમા અર્થે આવેલા અને સતત ત્રણ વર્ષથી પરિક્રમા કરતા શ્રી રાજ તેંડુલકરે કહ્યું કે,





હું જેટલી વખત અહીં આવ્યો છું તેટલી વખત કંઈક ને કંઈક બદલાવ જોવા મળ્યો છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અહીં ખૂબ જ સારી વ્યવસ્થાઓ મળી રહી છે. અહીંના લોકોનો આવકાર અને વ્યવહાર પણ ખૂબ સારો છે. પરિક્રમા દરમિયાન યાત્રાળુઓની ખૂબ કાળજી લેવામાં આવી રહી છે, જે બદલ હું ગુજરાત સરકાર અને નર્મદા જિલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરું છું.રાજસ્થાનના ચિત્તોડગઢથી પ્રથમ વખત નર્મદા પરિક્રમા અર્થે આવેલા શ્રી સંપતરામ નડ્ડાએ જણાવ્યું કે, આ પરિક્રમા અંગેની જાણકારી મને સોશિયલ મીડિયાના માધ્યમથી મળી હતી. યોગાનુયોગ હું અમદાવાદમાં જ હતો, ત્યાંથી તિલકવાડા આવ્યો હતો. અહીં આવ્યા પછી મને આશ્ચર્ય થયું કે, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આટલી સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ સુવિધાઓ પૂરી પાડવા બદલ હું સરકારશ્રીનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરું છું. આ પરિક્રમાવાસીનું ખૂબજ મહાત્મ્ય રહેલું છે. નાગરિકોએ અવશ્ય આ પરિક્રમા કરવી જોઈએ. અહીંના લોકોનો સ્વભાવ ખુબ જ સારો છે તેમજ વિશ્રામની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા ખૂબ સારી કરવામાં આવી છે. આ પરિક્રમા કાયમ થતી રહે તેવી હું આશા રાખું છું.નર્મદા મૈયાની એક વખત સંપૂર્ણ પરિક્રમા કરી ચૂકેલા અને મૂળ પંજાબના શ્રી રામદાસ પંજાબી બાબાએ નર્મદા પરિક્રમા પાછળનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, શાસ્ત્રોમાં નર્મદા મૈયાને એટલી પવિત્ર બતાવવામાં આવી છે, કે માત્ર તેનું જલપાન કરવાથી પવિત્ર થવાય છે. ધર્મશાસ્ત્રોમાં તેની પરિક્રમાનો પણ ઉલ્લેખ જોવા મળે છે. માટે દરેક માનવીએ માં નર્મદાની પરિક્રમા કરવી જોઈએ. શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ માહોલમાં પરિક્રમા કરી રહ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર સાથે પરિક્રમા રૂટ પર આવતા ગામોના સેવાભાવી નાગરિકો પણ પદયાત્રીઓની નિઃસ્વાર્થ ભાવે સેવા કરી રહ્યા છે. પરિક્રમાર્થીઓને રસ્તમાં પાણી, નાસ્તા, આરોગ્યની સુવિધા મળી રહે તે પ્રકારની તમામ સુવિધા અને પોલીસ વિભાગ દ્વારા રાત-દિવસ પોલીસ બંદોબસ્ત થકી સલામતીની વ્યવસ્થા જાળવવામાં આવી રહી છે. આ પરિક્રમા ૨૪ કલાક ચાલી રહી છે.-અખંડ ભારત

# ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી પ્રક્રિયા ટુંક સમયમાં હાથ ધરાશે

સંસદનું બજેટ સત્ર આગામી ૪ એપ્રિલે સમાપ્ત થશે.ત્યારબાદ હાઈકમાન્ડ ભાજપના નવા પાર્ટી અધ્યક્ષની પસંદગી માટેની ચૂંટણી પ્રક્રિયા ઝડપી બનાવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઉત્તર પ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ સહિત બાકીના મોટાભાગના રાજ્યોના ભાજપના પ્રદેશ પ્રમુખોના નામ આગામી ૪ થી ૫ દિવસમાં જાહેર થઈ શકે છે.ભાજપના નવા પાર્ટી અધ્યક્ષની પસંદગી માટેની ચૂંટણી હવે શરુ થશે.૧૮ થી વધુ રાજ્યમાં ભાજપના પ્રદેશ પ્રમુખોના નામ જાહેર થયા પછી, પાર્ટીના આગામી રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટેની પ્રક્રિયા શરૂ થશે. રાજકીય વર્તુળો પાસેથી જાણવા મળ્યા પ્રમાણે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા એકાદ અઠવાડીયામાં શરૂ થઈ શકે છે.ભાજપને એપ્રિલના બીજા કે ત્રીજા અઠવાડિયા સુધીમાં નવા પ્રમુખ મળી શકે છે.?

# વિજયનગરમાં રામનવમી નિમિત્તે બેઠક યોજાઈ

દિલીપ પટેલીયા-વજયનગર તાલુકા રામ જન્મોત્સવ સમિતિની આગામી રામ નવમી ઉત્સવની ઉજવણી માટે રામજી મંદિર ખાતે બેઠક યોજાઈ હતી.જે મળેલી બેઠકમાં રામનવમી પર્વની ઉજવણી માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.આ તબક્કે વિજયસિંહ ઝાલા,ઉમેદસિંહ,સુરેશભાઈ પંચાલ,સહિત સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં ૩૦મી એપ્રિલ સુધી તુવેરની ખરીદી કરાશે


રાજ્યભરમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી ચાલી રહી છે. રાજ્યનો કોઈપણ ખેડૂત ટેકાના ભાવે તુવેરના વેચાણથી વંચિત ન રહી જાય તે માટે ખરીદીનો સમય આગામી તા. ૩૦ એપ્રિલ સુધી લંબાવવાનો કૃષિ મંત્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ નિર્ણય કરવામાં આવ્યો છે.ગુજરાતમાં ચાલુ વર્ષે તુવેર પાકનું મબલખ વાવેતર અને ઉત્પાદન નોંધાયું છે. ભારત સરકારે પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન હેઠળ તુવેર માટે રૂ. ૭,૫૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો હતો. ટેકાનો ભાવ સારો મળતા રાજ્યના ૧.૨૩ લાખથી વધુ ખેડૂતોએ તુવેરનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે નોંધણી કરાવી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગત તા. ૨૪ ફેબ્રુઆરીથી રાજ્યભરમાં ટેકાના ભાવે તુવેર પાકની ખરીદીનો શુભારંભ કરાવ્યો હતો. અત્યાર સુધીમાં રાજ્યના ૫૮,૩૦૦ જેટલા ખેડૂતો પાસેથી રૂ. ૮૪૧ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧.૧૧ લાખ મેટ્રિક ટન તુવેરની ખરીદી કરવામાં આવી છે. નોંધણી કરાવી હોય અને તુવેરનું વેચાણ કરવાનું બાકી હોય તેવા તમામ ખેડૂતો પાસેથી આગામી તા. ૩૦ એપ્રિલ સુધીમાં તુવેરની ખરીદી પૂર્ણ કરવામાં આવશે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.

# વાવડી પ્રા.શાળામાં ચંપલ વિતરણ કરાયા



પટેલ રીતેષ - ઉનાળાની ઋતુમાં ગરમીની શરૂઆત થઈ ગઇ છે.ત્યારે ખેડા તાલુકાના આ વિસ્તારના ભામાશા બાબુજી કાનજી ઠાકોર દ્વારા વાવડી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોને ચંપલ વિતરણ કરવામાં આવ્યા હતા.આ તબકકે શાળા પરિવાર અને મુખ્ય શિક્ષકે દાતા પરિવારનો આભાર વ્યકત કર્યો હતો.-અખંડ ભારત

# આદિત્ય રોય કપૂર અને શ્રદ્ધા કપૂરની જોડી ફરી રૂપેરી પડદે સાથે જોવા મળે તેવી શક્યતા



મુંબઇઃ આદિત્ય રોય કપૂર અને શ્રદ્ધા કપૂર ફરી સાથે કામ કરે તેવી શક્યતા છે. મોહિત સૂરી હાલ એક વાર્તા પર કામ કરી રહ્યો છે અને આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૬માં શરૂ કરવામાં આવશે. મોહિત સુરી આદિત્ય રોય કપૂર અને શ્રદ્ધા કપૂરને બેસિક આઈડિયા સંભળાવ્યો છે જે બંન્નેને પસંદ પડયો છે. જોકે આઈડિયા પછી ફિલ્મની વાર્તા પર કામ કરવામાં આવશે અને તે પસંદ પડયા પછી જ કલાકારોને ફાઈનલ કરવામાં આવશે.

ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રે જણાવ્યું હતું કે, મોહિત સૂરી લાંબા સમયથી એક રોમેન્ટિક ફિલ્મ બનાવવાનું વિચારી રહ્યો હતો. જેના માટે તેણે આદિત્ય રોય કપૂર અને શ્રદ્ધા કપૂર સાથે વાત કરી હતી. બંન્ને ફિલ્મના આઈડિયા જણાવ્યા હતા જે તેમને પસંદ પડયા છે. આ પછી તેણે ફિલ્મની વાર્તા પર કામ કરવાનું શરૂ કરી દીધું છે.

# દેશમાં નક્સલવાદથી સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ઘટીને માત્ર ૬ થઈ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું છે કે, નક્સલમુક્ત ભારતના નિર્માણની દિશામાં એક મોટું પગલું ભરતા, ભારતે ડાબેરી ઉગ્રવાદથી સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ૧૨ થી ઘટાડીને ફક્ત ૬ કરીને એક નવો સીમાચિહ્ન હાંસલ કર્યો છે.

એક્સ પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે મોદી સરકાર નક્સલવાદ પ્રત્યે નિર્દય અભિગમ અને સર્વાંગી વિકાસ માટે અથાક પ્રયાસો સાથે એક મજબૂત, સુરક્ષિત અને સમૃદ્ધ ભારતનું નિર્માણ કરી રહી છે. તેમણે કહ્યું કે ભારત ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે.

દેશમાં નક્સલવાદથી પ્રભાવિત જિલ્લાઓની કુલ સંખ્યા ૩૮ હતી. જેમાં સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓની સંખ્યા ૧૨ હતી, જે ઘટીને ૬ થઈ ગઈ છે. તેમજ જે જિલ્લાઓને લઈને ચિંતા વધુ હતી તેવા જિલ્લાઓની સંખ્યા ૯થી ઘટીને ૬ થઈ ગઈ છે. અન્ય નક્સલવાદી-અસરગ્રસ્ત જિલ્લાઓની સંખ્યા ૧૭ હતી, તે પણ ઘટીને ૬ થઈ ગઈ છે.

કુલ નક્સલવાદ પ્રભાવિત જિલ્લાઓમાંથી સૌથી વધુ



પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ૧૨ થી ઘટીને ૬ થઈ ગઈ છે. જેમાં છત્તીસગઢના ૪ જિલ્લાઓ (બીજાપુર, કાંકેર, નારાયણપુર અનેસુકમા), ઝારખંડનો ૧ જિલ્લો (પશ્ચિમ સિંહભૂમ) અને મહારાષ્ટ્રનો ૧ જિલ્લો (ગઢચિરોલી)નો સમાવેશ થાય છે.તેવી જ રીતે કુલ ૩૮ પ્રભાવિત જિલ્લાઓમાંથી સૌથી વધુ ચિંતાજનક જિલ્લાઓની સંખ્યા જ્યાં સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓ ઉપરાંત સંસાધનોની વધારાની સઘન જોગવાઈ જરૂરી છે. અસરગ્રસ્ત જિલ્લાઓની સંખ્યા ૯ થી ઘટીને ૬ થઈ ગઈ છે. આ ૬ જિલ્લાઓ છે - આંધ્ર પ્રદેશ (અલ્લુરી સીતારામ રાજુ), મધ્ય પ્રદેશ (બાલાઘાટ), ઓડિશા (કાલાહાંડી, કંધમાલ અને મલકાનગિરી) અને તેલંગાણા (ભદ્રાદ્રી-કોથાગુડેમ) છે.નક્સલવાદ સામે સતત કાર્યવાહીને કારણે અન્ય LWE પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા પણ ૧૭ થી ઘટીને ૬ પર આવી ગઈ છે, જેમાં છત્તીસગઢ (દંતેવાડા, ગરિયાબંદ અને મોહલા-માનપુર-અંબાગઢ ચોકી), ઝારખંડ (લાતેહાર), ઓડિશા (નુઆપાડા) અને તેલંગાણા (મુલુગુ)નો સમાવેશ થાય છે.સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓ અને ડિસ્ટ્રિક્ટ ઓફ કન્સર્ન જિલ્લાઓના ભારત સરકાર દ્વારા વિશેષ યોજના, વિશેષ કેન્દ્રીય સહાયતા (SCA) અંતર્ગત જાહેર માળખાકીય સુવિધાઓમાં વ્યાપ્ત અંતરાળને ભરવા માટે ક્રમશઃ ૩૦ કરોડ અને ૧૦ કરોડ રૂપિયાની આર્થિક સહાયતા આપવામાં આવે છે અને આ ઉપરાંત આ જિલ્લાઓ માટે જરુરિયાત મુજબ વિશેષ પ્રોજેક્ટની પણ જોગવાઈ છે.

છેલ્લા એક વર્ષમાં LWE પરિસ્થિતિમાં ઝડપી સુધારો મુખ્યત્વે બળવાખોરીથી પ્રભાવિત મુખ્ય વિસ્તારોમાં નવી સુરક્ષા શિબિરોની સ્થાપના અને રસ્તાઓનું વિસ્તરણ, પરિવહન સુવિધાઓ, પાણી, વીજળી અને સરકારની અન્ય કલ્યાણકારી યોજનાઓ જેવા વિકાસલક્ષી કાર્યોને કારણે છે જે ગ્રામજનો સુધી પહોંચે છે.

# સલમાન ખાનની સિકંદરને દર્શકો ન મળતાં ઘણા શોઝ રદ કરવા પડયા

મુંબઈઃ સલમાન ખાનની સિકંદર ફિલ્મની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. પરંતુ અભિનેતા બોક્સ ઓફિસ પર ફરી એક વખત નિષ્ફળ પુરવાર થયો છે. રવિવારે રિલીઝના દિવસે ફક્ત ૨૬ કરોડ રૂપિયાનું કલેકશન થયું હતું. હવે થિયેટરોને દર્શકો ન મળતાં સિકંદર ફિલ્મને ઉડાવી દેવામાં આવી રહી છે અને તેના સ્થાને અન્ય ફિલ્મ મુકી દેવામાં આવી છે. જોકે બાંદરાના થિયેટરોમાં શો વધારવામાં આવ્યાની પરિસ્થિતિ ઊભી થઇ છે. પરંતુ સુરત, અમદાવાદ, ભોપાલ તેમજ ઇંદોરના મોટા ભાગના થિયેટરોમાં ફિલ્મને રિપ્લેસ કરવામાં આવી છે.

રિલીઝના પ્રથમ બે દિવસોમાં ફિલ્મના શોને રદ કરવામાં આવ્યા નહોતા. પરંતુ થિયેટરોમાં દર્શકોની સંખ્યા બહુ ઓછી જોવા મળી હતી. જે શહેરોમાં ઈદના તહેવારનું મહત્વ નથી, તેવા એરિયામાં થિયેટરોમાં દર્શકોની સંખ્યા બહુ ઓછી જોવા મળી રહી છે.

# અમદાવાદની એક જ્વેલરી રિટેલર કંપનીએ નોંધપાત્ર યોગદાન આપનારા કર્મચારીઓને લકઝુરીયસ ગાડીની ભેટ આપી

અમદાવાદ,

શહેરની એક જ્વેલરી રિટેલરે કંપનીએ પોતાના પોતાના ૧૨ શ્રેષ્ઠ કર્મચારીઓને નોંધપાત્ર યોગદાન બદલ એક મોટું એનાં આપ્યું હતું જેમાં તેમને લકઝુરીય ગાડીની ભેટ આપવામાં આવી હતી. આ ૧૨ કર્મચારીઓને ગાડીની ભેટ આપવા કંપની તરફથી નડિયાદના અંધજ ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ સ્થિત એક જ્વેલરી કંપનીએ તેના ૧૨ સીનીયર કર્મચારીઓને તેમના કામની સામે વળતરમાં ગાડીની ભેટ આપી છે. જ્વેલરી રિટેલરે કંપની ૨૦૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર હાંસલ કરવાની ઉજવણીના ભાગ રૂપે પોતાના કર્મચારીઓને પ્રથમ વખત આ પ્રકારની ગિફ્ટ આપી રહી છે. જ્વેલરી કંપનીએ કર્મચારીઓને XUV ૭૦૦ અને ઈનોવા જેવી લક્ઝરી કાર ભેટમાં આપી અનેક વખત, કંપનીના માલિકો તેમના અન્ય કર્મચારીઓના કામની પ્રશંસા કરવા માટે તેમને સારી ભેટો આપી હતી.

# વાઈરલ ટ્રેન્ડ - ગિબલી, ઘિબલી કે જિબલી? જાણો વાઈરલ ટ્રેન્ડ Ghibli નો સાચો ઉચ્ચાર ખરેખર છે ?



કિશન ટાંક - Ghibli Pronunciation: OpenAI નું Ghibli આર્ટ ફોર્મ હાલના દિવસોમાં ખૂબ જ ટ્રેન્ડમાં છે. ઘણાં યૂઝર્સ સોશિયલ મીડિયા પર પોતાની Ghibli તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી રહ્યા છે. સેલિબ્રિટીથી લઈને સોશિયલ મીડિયાના ઈન્ફ્લુએન્સર્સ સુધી દરેક વ્યક્તિ Ghibliની તસવીરો બનાવી શેર કરી રહ્યા છે. અહીં નોંધનીય બાબત એ છે કે આ વાઈરલ ટ્રેન્ડનો સાચો ઉચ્ચાર શું છે. વાસ્તવમાં સ્ટુડિયો Ghibli એ જાપાની શબ્દ છે અને ત્યાં તેનો ઉચ્ચાર જિબલી થાય છે. જાપાનીઝમાં ય શબ્દનો ઉચ્ચાર J જેવો લાગે છે. જેથી આ Ghibli એ વાસ્તવમાં ઘિબલી નહીં પણ જિબલી બોલાય છે. અંગ્રેજી બોલતા દેશો અને પશ્ચિમી દેશોમાં, Ghibliને સામાન્ય રીતે ઘિબલી અથવા ગિબલી કહેવામાં આવે છે. આવી સ્થિતિમાં ઘણાં લોકો મૂંઝવણમાં મુકાયા છે. પરંતુ તેનો વાસ્તવમાં ઉચ્ચાર જિબલી છે. જો તમે મૂળ નામને અપનાવવા માગતા હોવ તો તમે તેને જિબલી બોલી શકો છો. જો કે, પશ્ચિમ દેશોમાં તેને ઘિબલી જ કહે છે. Ghibli ની ઘેલછામા ફોટો અપલોડ કરતા પહેલા ચેતજો! દુરુપયોગ થવાની નિષ્ણાંતોની ચેતવણી Chat GPT મેકર OpenAI એ ગયા અઠવાડિયે GPT 4o ઈમેજ મેકર ટૂલ રજૂ કર્યું હતું, જેમાં Ghibli Art ફીચર અત્યંત લોકપ્રિય બન્યું છે. Ghibli શૈલીના ફોટોમાં સોફ્ટ કલર ટોન, ડિટેલિંગ અને પેઇન્ટિંગ જેવી જાદુઈ થીમનો ઉપયોગ કરવામાં આવે છે, જે ખૂબ જ સુંદર લાગે છે. જે કાર્ટુન સ્કેચ તૈયાર કરે છે. જિબલી સ્ટાઈલનો ફોટો વાસ્તવમાં એક પ્રખ્યાત જાપાનીઝ એનિમેશન કંપનીમાંથી આવ્યો છે. આ કંપની Hayao Miyazaki દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. તે વર્ષો જૂનો આર્ટ છે.-અખંડ ભારત

# જામનગરમાં રંગમતી ડેમના પાણીથી તળાવ ભરવામાં આવ્યું



જામનગર નજીક આવેલ રંગમતી ડેમના દરવાજાના કામકાજનું મરામત કરવાનું હોઈ ડેમનું વ્યર્થ ન જાય તે માટે તંત્ર દ્વારા નજીકમાં આવેલ રમણતળાવમાં ઠાલવામાં આવતા ક્રિકેટના મેદાન સમું ભાસતુ તળાવ નીરથી છલોછલ છલકાઈ જવા સાથે તળાવ વિસ્તારમાં બનાવામાં આવેલ ઘડીયાળ કૂવો છલોછલ ભરાઈ છલકાઈ ગયો છે.તળાવ છલકાતા નયનરમ્ય નજારો જોવા સ્થાનિકોનો જમાવડો તળાવ કિનારે જોવા મળી રહ્યો છે.ઉપરાત તળાવ છલકાતા આ વિસ્તારમાં ભૂગર્ભ જળસ્ત્રોત ઉંચા આવશે બોર-કૂવા રીચાર્જ થશે.જેનો સીધો લાભ આસપાસના ખેડૂતોને મળનાર હોઈ કિસાનોમાં પણ આનંદની લાગણી પ્રસરી છે.-અખંડ ભારત

# લ્યો કરો વાત,બે પંચરના રૂ.૭૦૦ વસૂલી લીધા..




રાજુ વણકર- વડોદરા સમા સાવલી રોડ ઉપર આવેલ પેટ્રોલપંપ નજીક ટાયર પંચરની દુકાનદાર પરપ્રાંતિય ઈસમ દ્વારા એક વાહન ચાલક પાસેથી ટાયર પંચરના બે પંચરના રૂ.૭૦૦ વસૂલતા તેનો વિડીયો સોશ્યલ મિડીયામાં વાઈરલ થતાં આ વિડીયો ઉતારનાર ભાઈ વિડીયોમાં જણાવ્યા પ્રમાણે હું છેતરાયો છું તમે ન છેતરાતા તેમ કહી કોઈપણ ટાયર પંચરની દુકાને જ્યારે પણ હવા કે પંચર ભરાવા જાવ તો તેનો ભાવ તાલ પુછી ત્યાર બાદ જ યોગ્ય ભાવ લાગે તો કામ કરાવવું જેવા સંદેશ સાથે જન જાગૃતિ માટે વિડીયો વાઈરલ કરી લોકોને અપિલ કરતો જોવા મળ્યો છે,-અખંડ ભારત

# માંગરોળ અને વંથલીમાં ડાયવર્ઝન અપાયું

કિશન બહેચા - માંગરોળ તાલુકાને જોડતા ચોટલીવીરડી-સકરાણા-જુથળ રોડની રીસરફેસિંગ કામગીરી ચાલી રહી હોવાથી વાહનવ્યવહાર માટે વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યો છે.અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એન.એફ. ચૌધરી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે મુજબ સામાન્ય વાહનો માટે રામવાવના પાટીયા-ભંડુરી-શેરીયાખાણ-શેપા-હુસેનાબાદ-માંગરોળ ભારે વાહનો માટેઃ રામવાવના પાટીયા-ગડુ-કુકસવાડા-માંગરોળ માંગરોળથી રામવાવના પાટીયા જવાઃ ઢેલાણા-ચોટલીવીરડી ફાટક-સકસણા-જુથળ-રામવાવના પાટીયા વાહન વ્યવહાર શરૂ રહેશે. જ્યારે વંથલી તાલુકામાં આવેલ ઘણફુલીયા- ગાંઠીલા રસ્તા પર આવેલ મેજર બ્રિજની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. ગાંઠીલા ઉમિયાધામ સુધી જવા માટે આ મહત્વપૂર્ણ રસ્તો છે.આ માર્ગ માટે ગાંઠીલા ગામમાં ઘણફુલીયા- સોનારડી- મહોબતપુર પાટિયા- ગાંઠીલા રોડનો એટલે કે ૯.૧૦ કિમી લાંબા વૈકલ્પિક રોડનો ઉપયોગ કરી શકાશે. તેમજ ગાંઠીલા ગામમાં જૂનાગઢ- ઈવનગર- મહોબતપુર પાટિયા-ગાંઠીલા રોડનો એટલે કે ૧૩ કિમી લાંબા વૈકલ્પિક રોડનો ઉપયોગ કરી શકાશે.જે માટે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. -અખંડ ભારત

# રાજ્ય પોલીસવડાની વિડીયો કોન્ફરન્સ યોજાઈ



રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આગામી તહેવારો અનુસંધાને તમામ પોલીસ કમિશનર અને પોલીસ અધિક્ષક સાથે વીડિયો કોન્ફરન્સ યોજી હતી જેમાં તહેવારો દરમિયાન રાજ્યભરમાં સુરક્ષા અને શાંતિ સુનિશ્ચિત કરવા માટે ડ્રોન સર્વેલન્સ સહિતના મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.સ્થાનિક સ્તરે શાંતિ સમિતિઓ સાથે બેઠકો યોજી સમન્વય અને સહકાર સુનિશ્ચિત કરવા તેમજ અફવાઓ અંગે ખાસ સોશિયલ મીડિયા મોનીટરીંગ કરવા જરૂરી તાકીદ કરાઈ છે.રાજ્યના નાગરિકોને સુરક્ષિત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં તહેવારોની ઉજવણી કરી શકે તે ઉદ્દેશ સાથે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આજે તમામ પોલીસ કમિશનર અને પોલીસ અધિક્ષક સાથે એક વીડિયો કોન્ફરન્સનું આયોજન કર્યું હતું.આગામી દિવસોમાં આવી રહેલા તહેવારો ધ્યાનમાં રાખીને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા શાંતિ અને સલામતીનું વાતાવરણ કાયમ રહે તે હેતુથી આ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

# ટીમ મોદીના હોદ્દેદારોએ નાણામંત્રીની મુલાકાત લીધી..



ગાંધીનગર સચિવાલય ખાતે ટીમ મોદી ગુજરાત દ્વારા નાણાં અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ ની શુભેચ્છા મુલાકાત લીધી હતી તેમાં ટીમના પ્રદેશ અધ્યક્ષ પ્રવીણભાઈ નકુમ પ્રદેશ મહામંત્રી પ્રવીણભાઈ પટેલ અમદાવાદ શહેર મહામંત્રી અલ્પેશ સિંહ રાઠોડ અમદાવાદ શહેર બક્ષી પંચ મોરચા ના મહામંત્રી પ્રકાશભાઈ પટણી અમદાવાદ શહેર ઉપપ્રમુખ પંકજભાઈ ભાવેશ ભાઈ અને ટીમ મોદી ગુજરાત હોદેદારો હાજર રહ્યા હતા-અખંડ ભારત

# માણસા ખાતે પક્ષીઓ માટે કુંડા અને માળાનો રાહત દરે કેમ્પ યોજાયો




માણસામાં દર વર્ષની ચાલુ વર્ષે પણ કાળઝાળ ગરમીમાં પક્ષીઓને રાહત મળે તે જીવદયાના ઉમદા હેતુથી પક્ષીઓને પાણી માટે કુંડા , માળા અને ચણ માટે બર્ડ ફિડરનું રાહત દરે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં પાટણપુરા ગામના યુવાનોની સેવા દ્વારા રાહત દરે પક્ષીઓ માટે માળા અને કુંડા નું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં માણસા અને આજુબાજુના સેવાભાવી લોકો દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. જેમાં અંદાજે ૧૦૦૦ કુંડા અને ૭૦૦ પક્ષીના માળા અને ૩૦૦ ચણ માટેના બર્ડ ફીડર સેવાભાવી લોકો દ્વારા લાભ લેવામાં આવ્યો હતો-અખંડ ભારત
































**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697